Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ફેબ્રુઆરી ૨૦૨૫ * વર્ષ ૩૯ * અંક ૧૧




**સ્વામિશ્રીજીની કૃપાથી પ્રભુના અખંડ ધારક
સાધુતાના કસબી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને
આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજી મહારાજને
હોળી-ધુળેટી પ્રાગટ્ય મંગલે ભક્તિભીની હૃદયવંદના !**



॥ સ્વામિશ્રીજી ॥

# ગુરુહરિ સાહેબદાદાના પ્રાગટ્યમંગલે આપણા દિવ્ય જીવનનો અર્ઘ્ય અર્પણ કરીએ !

**પ્રભુના પ્રિય અને પરમ દિવ્ય સર્વ સંતો તથા અક્ષરમુક્તો,**

ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ !

આ વર્ષે ૧૪ માર્ચ – ધુળેટી મહાપર્વે આપણે સૌ ભેગા મળી સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યમંગલ પર્વે આપણા હૃદયનાં ભાવ-ભક્તિ, સેવા અને ઉમંગ અર્પણ કરવા તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી એકત્રિત થઈશું.

આપણાં સૌનાં જીવનમાં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીનું અનન્ય સ્થાન છે તથા તેઓશ્રીનું આપણાં જીવનમાં અવર્ણનીય અને અદ્વિતીય સર્વ પ્રકારનું દિવ્ય પ્રદાન છે. આપણી આધ્યાત્મિક પ્રગતિ તથા લૌકિક જીવનનાં સુખ-શાંતિ તેઓની પ્રાર્થના અને આશીર્વાદના સુફલ સ્વરૂપે ભગવાનની કૃપાથી આપણને પ્રાપ્ત થઈ છે.

પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબદાદાનું ઋણ આપણે તો શું ચૂકવી શકીએ ? છતાં આપણા સૌની હાંહાંગડથલ રૂપે ગુરુહરિ સાહેબદાદા રાજી થાય તેવું જીવન જીવવારૂપી અર્ઘ્ય વ્યક્તિગત રૂપે અને સામૂહિક મંડળ – પ્રદેશરૂપે અર્પણ કરી શકીએ ?

આવા ભાવથી આપ સૌને વિનમ્રભાવે સૂચન અને પ્રાર્થના કરવાની લાગણી થાય છે :

૧. આપણા મંડળ-પ્રદેશના પ્રાદેશિક સંતોનાં માર્ગદર્શન અનુસાર આપણે આપણા મંડળ-પ્રદેશની સર્વ સત્સંગસભાઓમાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિન નિમિત્તે તેઓના મહિમાની અને આપણાં જીવનમાં તેઓનાં અનુભવદર્શનના માહાત્મ્યની કથા-વાર્તા કરીએ. બાળકો, યુવાનો, યુવતીઓ, બહેનો, ગૃહસ્થ હરિભક્તો સહિત સૌ કોઈ પોતપોતાની સત્સંગસભામાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યોત્સવને અનેકવિધ સ્વરૂપે પોતાની સર્જનશીલતાનો ભક્તિપૂર્ણ ઉપયોગ કરી ઊજવે તેવી પ્રાર્થના છે.

૨. પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા પ્રતિ આપણા ધન્યભાવપૂર્ણ અર્ઘ્ય રૂપે આપણે વ્યક્તિગત રીતે અને મંડળમાં સામૂહિક રીતે કોઈ એક અથવા એકથી વધારે એવા નિયમ/પ્રતિજ્ઞા લઈએ, જેનાં પ્રામાણિક પાલન દ્વારા આપણું શેષ જીવન ગુરુહરિ સાહેબદાદા રાજી થાય તેવું બને. આ નિયમ/પ્રતિજ્ઞા વિશે પ્રાદેશિક સંતો અને સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદાનાં માર્ગદર્શન પણ મેળવી શકાય.

૩. સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યમંગલના મહોત્સવ પ્રસંગે આપણા મંડળ/પ્રદેશ તરફથી શ્રી ઠાકોરજી મહારાજને સેવા સ્વરૂપે સૌ સાથે મળીને કંઈક અર્પણ કરી શકીએ ? ઉદાહરણ તરીકે મંડળના/પ્રદેશના પ્રત્યેક વ્યક્તિ/પરિવારનાં યત્કિંચિત આર્થિક યોગદાન દ્વારા શ્રી ઠાકોરજી મહારાજના થાળની વાર્ષિક તિથિ માટે નિયત રાશિ આપણા મંડળ અથવા પ્રદેશ તરફથી અર્પણ કરી શકાય.

આવો... ! આપણા પ્રાણાધાર સંતભગવંત સાહેબજીને રાજી કરવા આપણા દિવ્ય જીવનરૂપી અને સંપ-સુહૃદભાવથી એકત્રિત થયેલી સેવાના અર્ઘ્ય અર્પણ કરી શ્રી ઠાકોરજી મહારાજની કૃપાશિષ પ્રાપ્ત કરીએ. ◆

૨૩ જાન્યુઆરી ૨૦૨૫
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શાશ્વત સ્મૃતિદિન

સ્વા. શ્રી...
~ સાધુ મનોજદાસ

# શ્રી ભગતજી તીર્થ મહોત્સવ

**૨ ફેબ્રુઆરી ૨૦૨૫**
**તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

# ગુરુઆજ્ઞા મહિમા પર્વ

**૪ ફેબ્રુઆરી ૨૦૨૫**
**શ્રી ભગતજી તીર્થ, અટલાદરા**

**બ્રહ્મસ્વરૂપ** શ્રી ભગતજી મહારાજે અનાદિ મહામુક્ત સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીજીનાં દર્શન, સેવા-સમાગમ કરવા હેતુ મહુવાથી વડોદરા પધારી અટલાદરા નજીક ઝાડેશ્વર મહાદેવ પાસેના જે સ્થાને વિશ્રામ કર્યો અને તીર્થત્વ આપ્યું, તે મહાપવિત્ર પ્રાસાદિક સ્થાનનો મહિમા સર્વ પ્રથમ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સમજાવ્યો અને ૧૯૬૫ની ૪થી ફેબ્રુઆરીએ બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજે સ્વયં તે મહા પવિત્ર પ્રસાદીના સ્થાને પધારી, તેઓશ્રી સાથે સેવામાં ઉપસ્થિત ૨૪ વર્ષના યુવા જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને આજ્ઞા કરી કે, “સ્વામિનારાયણ સંપ્રદાયના આ મહા પ્રસાદીના સ્થાન પર ઓટો કરજો અને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવજો.” પછી પોતાના અંતરના રાજીપા અને આશીર્વાદરૂપે પોતાના હાથે બાંધેલી નાડાછડી છોડી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે યુવા જશભાઈને આપી. તે મહા પવિત્ર સ્થાને યોગીબાપાની આજ્ઞા અનુસાર સંતભગવંત સાહેબજીએ ઓટો તૈયાર કરાવ્યો . આમ તો, યોગીબાપાની આજ્ઞા મળતાં જ સંતભગવંત સાહેબજીએ ગુરુસભાના ભૂતપૂર્વ યુવક અને કૉન્ટ્રાક્ટર શ્રી કાંતિભાઈ પટેલની મદદથી તે પવિત્ર સ્થાને ઓટો તૈયાર કરાવ્યો. પરંતુ અતિવૃષ્ટિ થતાં તે ઓટો વહી ગયો. તેથી બીજી વખત શ્રી રાજેન્દ્રભાઈ (સારસ્વત ટ્રેડિંગ)ની મદદથી ઓટો તૈયાર કર્યો. પરંતુ, વડોદરા મહાનગરપાલિકા દ્વારા તે સ્થાનની બાજુમાં ફ્લાયઓવર બ્રિજ બનાવાયો તેથી ઓટો તૂટી ગયો. તે કારણે ત્રીજી વખત સંતભગવંત સાહેબજીએ ઓટો તૈયાર કરવાનું કાર્ય હાથ ધર્યું, જેમાં અનુપમ અક્ષરમુક્ત શ્રી ગોવિંદભાઈ અને શ્રી શંકરભાઈનો પૂર્ણ સહયોગ મળ્યો. તેઓની ભાવના હતી કે, ઓટો સર્વોપરી સુંદર તૈયાર થાય. તેથી અક્ષરમુક્ત કૉન્ટ્રાક્ટર ઊર્મિલભાઈએ નવીન ઓટાને તૈયાર કર્યો, જેમાં અ.નિ. ભરતફુવા, અ.નિ. અશ્વિનભાઈ (પ્રમુખ), હરેનભાઈ તથા તત્કાલીન અધિકારશ્રીઓના સાથ-સહકાર સાંપડ્યા અને વડોદરા પ્રદેશના યુવાનોએ ખૂબ સેવાઓ કરી. આ વખતે સંતભગવંત સાહેબજીએ ઓટાની સાથે દેરી પણ તૈયાર કરાવી ભક્તોને સત્સંગ-સમાગમ કરવાનું સુંદર સ્થાન તૈયાર કરી આપ્યું. આ મહા પાવન સ્થાને શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ આરસની મૂર્તિ સ્વરૂપે બિરાજે તે નિમિત્તે અને પ્રસાદીના સ્થાને ઓટો કરવાની આજ્ઞાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી તેના આ હીરક વર્ષે ભવ્ય શ્રી ભગતજી તીર્થ મહોત્સવ ૨ અને ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આયોજિત થયો. અટલાદરા ખાતે નવનિર્મિત કલાત્મક દેરીમાં શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી ભગતજી મહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા ૪ ફેબ્રુઆરીના રોજ સંપન્ન થવાની હોવાથી ૨ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર, વસંતપંચમીના શુભ મંગલકારી દિવસે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે શ્રી ભગતજી તીર્થ મહોત્સવ ખુલ્લો મુકાયો અને તે નિમિત્તે અદ્ભુત ભક્તિ કાર્યક્રમ યોજાયો. આ મહોત્સવના લાભ લૂંટવા દેશ-વિદેશથી અનેક ભક્તો ઊમટ્યા.



બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીબાપાએ સાહેબજીને આપેલ પ્રસાદીની નાડાછડી

સૌ સંતો-ભક્તો મંદિરજીના પરિસરમાં ગોઠવાઈ ગયા. મંદિરજીના મુખ્ય પ્રવેશદ્વારની બહારની તરફ મૂર્તિઓનો કલાત્મક રથ અને બીજી તરફ સદ્ગુરુ સંતો, સંતો અને ભક્તો ઉપસ્થિત હતા. કીર્તનના તાલ સાથે દ્વાર ઊઘડ્યાં અને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મહોત્સવ લોગોને ૨૦૦ ફુગ્ગાઓના સહારે મુક્ત ગગનમાં વિહરતો મૂકી મહોત્સવ ખુલ્લો મૂક્યો તથા પૂજન કરી સૌ વતી મૂર્તિઓને વંદન કર્યા. ત્યારબાદ મૂર્તિઓની શોભાયાત્રાનો આરંભ થયો. નૂતન મંદિરજીના પરિસરમાં પ્રદક્ષિણા પથ પર સૌ ભક્તો હાથમાં ધ્વજ, ધાર્મિક ચિહ્નો, પુષ્પો લઈને ઊભા હતા અને શોભાયાત્રામાં ક્રમશઃ જોડાતા જતા હતા. અનુપમ મિશનના વિવિધ પ્રદેશના યુવા પ્રતિનિધિઓએ રથને યાત્રાપથ પર દોરવાની સેવા ભક્તિભાવે કરી ધન્ય લાભ લીધો. સંતો, ભાઈઓ, બહેનો, યુવાનો, યુવતીઓ અને બાળકોએ ઉમંગભેર સહભાગી બની અપાર ભક્તિભાવ દાખવ્યો. સૌનો ઉમંગ અનેરો હતો ! શોભાયાત્રા બાદ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગ યોજાયો.

તપોભૂમિ બ્રહ્મજ્યોતિના મંદિરજીના વિશાળ પ્રાંગણમાં સંતોનાં માર્ગદર્શને યજ્ઞ માટે અદ્‌ભુત વ્યવસ્થા કરવામાં આવી. સુવ્યવસ્થિત રીતે ગોઠવેલ ૭૨ યજ્ઞવેદી પર ૨૮૮ યુગલોએ યજમાનપદે બિરાજી અદ્‌ભુત ભક્તિ અદા કરી. યજ્ઞ આરંભે સંતો દ્વારા યજ્ઞશાળા શુદ્ધિકરણ વિધિ કરવામાં આવી. ઋષિકન્યાઓ અને ઋષિકુમારોને સેવા અધિકાર અર્પણ કરાયો. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન અનુસાર યજ્ઞ કરાવનાર આચાર્ય સંતો પૂ. અશોકદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. સરજુદાસજી અને અનુપમ સૂરવૃંદના ભક્તોને સદ્‌ગુરુ સંતોએ યજ્ઞ કરાવવાનો અધિકાર અર્પણ કર્યો. આચાર્યોએ શાસ્ત્રોક્ત વિધિ અત્યંત સુંદર રીતે કરાવી. સંધ્યાકાળના અત્યંત દિવ્ય વાતાવરણમાં પવિત્ર હૃદયની ભાવોર્મિ અને પૂર્ણ શ્રદ્ધા સાથે યજમાનોએ યજ્ઞકર્મ કર્યું. મંદિરજીનાં મુખ્ય પગથિયાં પર કલાત્મક સુશોભન મધ્યે બિરાજમાન શ્રી ઠાકોરજી, સ્વરૂપો અને સંતભગવંત સાહેબજીનાં મનોહર દર્શન સૌનાં અંતરને પ્રફુલ્લિત કરી રહ્યાં હતાં. આચાર્ય સંતોના શ્રીમુખેથી પ્રગટ થતી વેદઋચાઓ, મંત્રો, મહિમાશ્લોકો આત્માને પ્રભુપરમમાં સ્થિર કરતાં હતાં. વાતાવરણની દિવ્યતા સૌનાં હૈયાંને સ્પર્શી રહી હતી. સંતભગવંત સાહેબજીની દિવ્ય પાવન પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં યજ્ઞનારાયણ પ્રગટ થયા અને સર્વત્ર પવિત્રતાનો પ્રકાશ રેલાયો. નિષ્ઠા, ભક્તિ, મહિમા અને સમર્પણની ભાવનાથી યજમાનોએ સઘળી આહુતિઓ યજ્ઞમાં અર્પણ કરી. સૌનાં કલ્યાણ માટે, શ્રી ભગતજી તીર્થ ખાતે અને અંતરમાં પણ મૂર્તિઓની કાયમી પ્રતિષ્ઠાની ભાવના સાથે સૌએ યજ્ઞ કર્યો. મધ્ય વેદી પર મુખ્ય યજમાનો સાથે સદ્‌ગુરુ સંતોએ પૂર્ણાહુતિ અર્પીને અનેરી પ્રાર્થનાઓ ધરી. ભવ્ય આતશબાજી સાથે સૌએ આરતી અર્પણ કરી પ્રભુચરણે ભક્તિવંદના ધરી. વડીલ સંતોએ જળઝારી દ્વારા પવિત્ર પ્રાસાદિક જળવર્ષા કરી સૌને આશીર્વાદ પ્રદાન કર્યા.

ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ તથા 'શિક્ષાપત્રી'ના પ્રાગટ્યદિન નિમિત્તે માહાત્મ્યદર્શન સભા યોજાઈ. મહોત્સવમાં પધારેલા સૌ સંતો અને ભક્તોનાં સ્વાગત મેહુલભાઈ પટેલ (વડોદરા)એ કર્યાં. સભા આરંભે સાધુ પૂ. સરજુદાસજીએ ભગતજી મહારાજ અને યોગીજી મહારાજે કરેલ શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો શાસ્ત્રોના આધારે કરી. આજના દિવસને અનુપમ મિશનના ઈતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થવાના ભાવ


મંદિરજી પરિસરમાં મૂર્તિઓની શોભાયાત્રા


મહાયજ્ઞમાં સેવા કરનાર ભાગ્યશાળી ઋષિકન્યાઓ


મહાયજ્ઞમાં સેવા કરનાર ભાગ્યશાળી ઋષિકુમારો


મહાયજ્ઞ કરાવનાર ભક્તિવંત આચાર્યવૃંદ


શ્રી ભગતજી તીર્થ મહોત્સવને ખુલ્લો મૂકતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા


સંતભગવંત સાહેબજી દ્વારા મૂર્તિઓનાં ભાવપૂજન

વ્યક્ત કરી સદ્‌ગુરુ પૂ. મનોજદાસજીએ આજે આઠ ઉત્સવો એક સાથે ઉજવાય છે તેની વાત કરી આનંદને વ્યક્ત કર્યો તથા 'શિક્ષાપત્રી'ના મહિમા અને સંદેશને સુસ્પષ્ટ કર્યો. પ્રગટ સત્પુરુષનો સદેહે સંબંધ પ્રાપ્ત થવો તેને ધન્યભાગ્યની વાત જણાવી સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાએ ગુરુઆજ્ઞાપાલનના મહિમાની માર્મિક સમજૂતી દૃષ્ટાંતો સાથે આપી આશીર્વાદ વરસાવ્યા.


અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ભક્તિ, સેવા અને આજ્ઞાપાલનની સાચી રીત સમજાવી. પ્રગટ સ્વરૂપમાં અસાધારણ હેત, અપાર માહાત્મ્ય અને અપરંપાર વિશ્વાસ હોય તો તેઓની આજ્ઞા પળાય એમ કહી ગુરુઆજ્ઞામાં જીવન વિતાવવાની પ્રેરણા આપી અને યોગીબાપાના સિદ્ધાંત અનુસાર સંપ, સુહૃદભાવ અને એકતા રાખી સેવા કરનાર સૌ ભક્તોની સેવાને બિરદાવી. કાનમ અને વડોદરા પ્રદેશના પ્રાદેશિક સંતો પૂ. દિવ્યેશદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિલાલદાસજી, પૂ. રમેશદાસજી–કપિલ, પૂ. હરેશદાસજી સાથે પૂ. રમેશદાસજી ઝા, પૂ. રાજુદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી આદિ સંતોની દોરવણી અને નેતૃત્વ હેઠળ સમગ્ર કાર્યક્રમ શોભી ઊઠ્યો. ઉપસ્થિત સૌ કોઈ ઉત્સવની દિવ્યતા અને ધન્યતા માણી કૃતાર્થ થયાં અને અંતરમાં પરમ સ્મૃતિ લઈ વિસર્જિત થયાં. ❖



સદ્‌ગુરુ સંતો દ્વારા યજ્ઞમાં પૂર્ણાહુતિ અર્પણ



પુષ્પહાર રૂપી હૃદયવંદના !




આશીર્દાન : પૂ. અશ્વિનદાદા



આશીર્દાન : સંતભગવંત સાહેબજી




આશીર્દાન : પૂ. મનોજદાસજી



૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના મંગલ દિને પ્રાસાદિક સ્થાન શ્રી ભગતજી તીર્થ સ્થિત દેરીમાં શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી ભગતજી મહારાજની આરસ પ્રતિમા સ્થાપિત કરવાનો સુંદર ભાવ સાકાર થયો. અટલાદરા સ્થિત શ્રી ભગતજી તીર્થમાં સંતભગવંત સાહેબજી અને પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી તથા સદ્‌ગુરુ સંતોની દિવ્ય પુનિત નિશ્રામાં મૂર્તિઓની સ્થાપનવિધિ ભકિતભાવે સંપન્ન થઈ. શ્રી મુક્ત-અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ભગતજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં સ્થાપન, પૂજન, પુષ્પાર્પણ તથા થાળ-આરતી અર્પણ કરાયાં બાદ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ રૂડા આશીર્વાદ વરસાવી તીર્થમાહાત્મ્ય અને સંતભગવંત સાહેબજીની ગુરુભક્તિના મહિમાનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. આ પ્રસંગે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં સન્માન-અભિવાદન કરવામાં આવ્યાં.

ત્યારબાદ સૌ કોઈ અલકાપુરી ખાતે મહોત્સવસભા સ્થળે પધાર્યા. સભા પ્રારંભે મહોત્સવ સ્થળ પર સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં શોભાયાત્રા અને નૃત્યભક્તિ સાથે વડોદરા, વેમાર, ભરૂચ અને અંકલેશ્વર મંડળના ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યાં. સ્વાગતયાત્રા બાદ યુવાનોએ શ્રી ભગતજી તીર્થના નિર્માણની અને ગુરુઆજ્ઞાના



શ્રી ઠાકોરજી મહારાજ મૂર્તિ સ્થાપનવિધિ



પ્રતીકાત્મક નાડાછડીનો ભવ્ય હાર સંતભગવંત સાહેબજીને અર્પણ




શ્રી ભગતજી મહારાજ મૂર્તિ સ્થાપનવિધિ



સંતભગવંત સાહેબજી દ્વારા ચરણારવિંદનાં પૂજન



પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં ભાવપૂર્વક અભિવાદન



આશીર્દાન : પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી



મહોત્સવ સ્થળે સાહેબજીનાં નૃત્યભક્તિ દ્વારા સ્વાગત



વેમાર મંડળની દીકરીઓ દ્વારા નૃત્યભક્તિ



અંકલેશ્વર મંડળની દીકરીઓ દ્વારા નૃત્યભક્તિ



વડોદરા પ્રદેશના યુવાનો દ્વારા નૃત્યભક્તિ



પ્રાસાદિક શ્રી ભગતજી તીર્થ, અટલાદરા

પાલનની અલૌકિક ગાથાને નૃત્ય અને પ્રિરૅકોર્ડેડ વિડિયો સંવાદ સાથે અત્યંત ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પ્રસ્તુત કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી ભગતજી મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના મહિમા સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતની વાતોને સુંદર રીતે સાંકળી લેતી આ પ્રસ્તુતિ માણી સૌ કોઈ ભાવવિભોર અને ધન્ય બન્યાં.

સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ વૈષ્ણવાચાર્ય પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી અને સંતભગવંત સાહેબજીની પવિત્ર સંનિધિમાં સદ્‌ગુરુ સંતો અને દેશ-પરદેશના સંતો-અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં અદ્‌ભુત મહોત્સવસભા યોજાઈ. પૂજન-પુષ્પહાર અર્પણ કરી સ્વાગત કરાયાં બાદ વડોદરાના યુવાનેતા મેહુલભાઈએ શબ્દોથી સૌનાં સ્વાગત કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પોતાની લાક્ષણિક શૈલીમાં ગુરુઆજ્ઞા પાલન અને ગુરુભક્તિના મહિમાના મર્મને સમજાવી સંતભગવંત સાહેબજીએ અદા કરેલ ગુરુભક્તિના પ્રસંગોનાં અદ્‌ભુત વર્ણન કરી હૃદયવંદન ધર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પ્રસંગની ધન્યતા અને આનંદને વ્યક્ત કરી રૂડા આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે ઉપસ્થિત દેશ અને વિદેશનાં મંડળોના સક્રિય આગેવાનોનાં તથા મહેમાનોનાં સન્માન-સત્કાર કરાયાં.





સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ અને મહોત્સવ સેવામાં પ્રવૃત્ત વડોદરા અને કાનમ પ્રદેશનાં જોશીલા ભક્તિવંત યુવાનો-યુવતીઓ

પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીએ આશીર્વાદમાં 'સંતભગવંત સાહેબજી આનંદ સ્વરૂપ છે' તેમ જણાવી તેઓનાં સ્નેહાળ હેત અને સહજ સરળતાનાં દર્શન કરાવ્યાં તેમજ 'ભગવાનની ભક્તિ માયાથી મુક્ત કરે છે. ગુરુની આજ્ઞા ભક્તનાં શ્રેય માટે જ હોય છે અને જો તેનાં જડબેસલાક પાલન થઈ જાય તો કલ્યાણ નિશ્ચિત છે' તેમ જણાવી ગુરુઆજ્ઞાને શિરોધાર્ય બનાવવા બળભરી વાતો કરી. ત્યારબાદ તેઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરી વંદન ધરવામાં આવ્યાં. આ પ્રસંગે ભક્તોને આપવાની સ્મૃતિભેટ અને ભગતજી મહારાજના મહિમાને ઉજાગર કરતી પુસ્તિકાનાં મુકતાર્પણ પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યાં. સંતભગવંત સાહેબજીએ યોગીબાપા સાથેના પ્રસંગોની સ્મૃતિ કરાવી તથા તેઓના સિદ્ધાંત અનુસાર સંપ, સુહૃદભાવ અને એકતા રાખી સેવા કરનાર સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીની દિવ્ય ઉપસ્થિતિને વધાવી. મહોત્સવ ભવ્યતા-દિવ્યતાથી ભક્તિભાવે ઉજવાયો તેના આનંદને વ્યક્ત કર્યો અને ભીડો વેઠીને પણ સદાકાળ ગુરુભક્તિ અદા કરી જીવતર ધન્ય કરવાની શીખ આપી.

વડોદરા અને કાનમ પ્રદેશના અગ્રણી વડીલ અક્ષરમુક્તો શંકરકાકા, ચંદ્રકાંતભાઈ તથા મહોત્સવ અધ્યક્ષ યુવાનેતા આશિષભાઈની સાથે મેહુલભાઈ, હરેનભાઈ, અનુપમભાઈ, મનીષદાદા, રોહનભાઈ આદિનાં સુકાનપદ હેઠળ વડોદરા, અંકલેશ્વર, ભરૂચ અને વેમાર મંડળના ભક્તોએ હળીમળીને, એકમના થઈને ખૂબ ચીવટતાપૂર્વકનું આયોજન કર્યું હતું. સુશોભન, આગતા-સ્વાગતા, બેઠકવ્યવસ્થા, અલ્પાહાર-ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાયજ્ઞ, શોભાયાત્રા, સભા વ્યવસ્થા, સ્મૃતિભેટ વિતરણ, સભા કાર્યક્રમ આદિ બધા જ વિભાગોનાં ભક્તિભર્યાં અદ્‌ભુત આયોજન કરી મહોત્સવને સફળ બનાવ્યો. મહોત્સવમાં પધારનાર પ્રત્યેક અક્ષરમુક્તોની વ્યક્તિગત કાળજી લઈ શકાય તેવા ભાવ સાથે વડોદરા અને કાનમ પ્રદેશના સ્વયં સેવકોએ અત્યંત મહિમા સાથે ભક્તિપૂર્ણ સેવાઓ કરી. સૌનાં હૈયામાં સંતભગવંત સાહેબજીને રાજી કરવાનો અનેરો ઉમંગ હતો. સૌ ભક્તોનાં સમર્પણ અદ્‌ભુત અને વંદનીય બની રહ્યાં. અંતે, મહોત્સવ અધ્યક્ષ આશિષભાઈએ મહોત્સવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ-સહકાર આપનાર સૌ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી. મહોત્સવ આનંદની ધન્ય સ્મૃતિઓને હૃદયે ભરી, મહોત્સવ સ્મૃતિભેટ સ્વીકારી સૌ ભક્તો વિસર્જિત થયા. ◆


ગોસ્વામીજી દ્વારા મહોત્સવ સ્મૃતિભેટનાં મુક્તાર્પણ


સાહેબજી દ્વારા મહોત્સવ સ્મૃતિભેટનાં મુક્તાર્પણ


આશીર્દાન : સદ્‌ગુરુ પૂ. મનોજદાસજી, પૂ. અશ્વિનદાદા


સ્વાગતભાવ : મેહુલભાઈ, આભારદર્શન : આશિષભાઈ


વડોદરા ખાતે યોજિત શ્રી ભગતજી તીર્થ મહોત્સવનો સંતભગવંત સાહેબજીનાં સાંનિધ્યે આધ્યાત્મિક આનંદ માણતા મહિમાવંત અક્ષરમુક્તો





શ્રી યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિન કીર્તનસંધ્યા
૨૩ ડિસેમ્બર ૨૦૨૪, 'યોગીપ્રસાદ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

# સંતભગવંત સાહેબજીની
# છે માહાત્મ્યસભર વાણી સદા...

ગુરુદેવ યોગીજી મહારાજને ભક્તિ દ્વારા ઋણ અદા કરવા ૨૩મી તારીખની આપણા માટે આ ૨૦૨૪ની છેલ્લી ભજનસંધ્યા. યોગીજી મહારાજે ૧૯૭૧માં પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો. પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈની પ્રેરણાથી દર મહિને કાકાજીની સ્મૃતિમાં ૭મી તારીખે ને યોગીજી મહારાજની સ્મૃતિમાં ૨૩મી તારીખે આપણે આ રીતે ભજનસંધ્યા કરી એ દિવ્ય પુરુષો તરફની ભક્તિ અદા કરીએ છીએ. ગુણાતીત સંતોનું જીવન જોઈએ તો તેઓએ રાંક બનીને ભક્તિ કરી છે, પણ તેઓ ખૂબ સામર્થ્યવાન હતા. એમના સંકલ્પે આપણાં સૌનાં જીવન ચાલે, ગમે એવાં પ્રારબ્ધ ઊડે, ગમે તેવા ઝંઝાવાતો નીકળી જાય; એવા વચનસિદ્ધ પુરુષો હતા કે, જેમની આજ્ઞામાં આખી પ્રકૃતિ વર્તે.

સયાજીરાવ ગાયકવાડની જ્યોતિષની ટીમમાં સ્વામિનારાયણના આશ્રિત એક હરિભક્ત હતા. દસ જણની જ્યોતિષની ટીમ હતી. આખા વર્ષનું પંચાંગ નક્કી કરતા હતા. દસમાંથી નવ જણાએ નક્કી કર્યું કે, આ મહિનામાં પૂનમે ચંદ્રગ્રહણ છે. આ હરિભક્તે કહ્યું કે, 'ગ્રહણ છે જ નહીં.' પેલા કહે, 'ફરીથી તમે ગણતરી કરો.' આ કહે, 'મેં ગણતરી કરી છે, જો આ પૂનમે ચંદ્રગ્રહણ થાય તો મારું માથું આપી દઈશ.' માથાનો સોદો કરી નાખ્યો. આખા વરસનું પંચાંગ નક્કી કરીને પેલા બધા જ્યોતિષ તો ઘરે ગયા. પછી પેલા હરિભક્ત જ્યોતિષે ફરી ગણતરી કરી તો પૂનમે ગ્રહણ તો હતું જ. એને પોતાની ભૂલ પકડાઈ. એને થયું, હું રાજાની હાજરીમાં મારા માથાનો સોદો કરીને આવ્યો છું ને ગ્રહણ તો છે જ તો હવે શું થશે ? એમને તાવ ચઢી ગયો. ગોપાળાનંદ સ્વામી ત્યારે વડોદરામાં બિરાજમાન હતા. સંતો કેવી આપણી કાળજી રાખતા હોય છે ! ગોપાળાનંદ સ્વામીએ જાણ્યું કે, આ ભગતને આવું થયું છે એટલે તાવ ચઢી ગયો છે ને તેથી મંદિરે આવતા નથી. થોડા દિવસ પછી ગોપાળાનંદ સ્વામીએ તેમને મંદિરે બોલાવ્યા ને કહ્યું, 'તું સ્વામિનારાયણનો આશ્રિત છું, ભગત છું, જા અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે, દુનિયામાં બીજે બધે ચંદ્રગ્રહણ દેખાશે, પણ વડોદરામાં નહીં દેખાય.' અને ઇતિહાસ સાક્ષી છે, ને મહારાજાની નોંધમાં પણ લખેલું છે. ગ્રહણને રોકી શકે તેવી તાકાતવાળા આવા દિવ્ય પુરુષો હતા ! જગતની, બ્રહ્માંડની સ્થિતિ, પરિસ્થિતિને પલટે એવા પુરુષો ! પણ, રાંક થઈને જીવે. મારા-તમારા જેવાનાં અપમાનો સહન કર્યાં, આપણી સેવા કરી, આપણે કહીએ તેમ કર્યું. રાંક થઈને ભક્તિ તો સાચી એમણે કરી. અને રાખ થયા. રાખ શું ? તો પોતાનું અસ્તિત્વ પ્રભુમાં વિસર્જિત કરી દીધું. તેઓ પોતે હતા જ નહીં, દેહભાવ ન હતો.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી અને એ માર્ગે ચલાવીને એ સમજણ આપણાં સૌનાં હૃદયમાં સ્થાપિત કરી. આ દેહે ભગવાનના ધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતા કરવાનો અદ્ભુત માર્ગ એમણે બતાવ્યો. પણ એ માર્ગ સ્થાપિત કરવામાં એમના ડૂચા નીકળી ગયા એવું કહીએ તો ચાલે. છતાં એક હરફ તેઓ બોલ્યા નથી. રાંકભાવ ! દાસત્વભાવ ! એમને ગાળો ભાંડે તોય મારું-તમારું સારું કરે. એમને હાર પહેરાવો કે ગધેડે બેસાડો કે હાથીએ બેસાડો, કાંઈ ફરક નહીં. મારું-તમારું સૌનું હિત જ તેઓએ ઇચ્છ્યું છે. યોગીજી મહારાજની એક મૂર્તિ છે, 'ભગવાન સૌનું ભલું કરો !' સ્વામિનારાયણના આશ્રિત હોય એટલાનું નહીં, અમારું માને છે એટલાનું નહીં, પણ સૌનું ભલું કરો ! આવા દિવ્ય પુરુષોએ આ બ્રહ્માંડમાં આવીને આપણા પર બહુ મોટી કૃપા કરી ! આપણે બધાં અત્યારે જે છીએ, જે સુખી બન્યાં છીએ, જે સુખના માર્ગે ચાલ્યાં છીએ; એનું મુખ્ય કારણ આવા દિવ્ય પુરુષોએ પ્રગટ

થઈને આપણને દૃષ્ટિમાં લીધાં, આપણને ભગવાનના માર્ગે ચલાવ્યાં. યોગીજી મહારાજનું ઋણ આપણે કેવી રીતે અદા કરીએ ! યોગીજી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે, એ કાર્યને સમજીએ ને એ કાર્યને ટેકારૂપ થઈએ, એમાં સમર્પિત થઈએ ને રાંક બનીને એવી ભક્તિ કરીએ એ એમના તરફનું ઋણ અદા કરવાનો ભાવ છે.


તેઓએ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી. ભગવાન સદાય સાકાર છે, કર્તાહર્તા છે, માનવરૂપે સંત દ્વારા પ્રગટ છે. એવા સાધુમાં જોડાવું એ માણસનું સાચું ધ્યેય હોવું જોઈએ. અત્યારે કોઈ ભણનાર વિદ્યાર્થીને પૂછો કે, 'તારે શું થવું છે ?' તો કહેશે, 'ડૉક્ટર થવું છે.' નોકરી કરનારને પૂછો તો કહેશે, 'બૉસ થવું છે.' ધંધો કરનારને પૂછો તો કહેશે, 'બહુ પૈસા કમાવા છે.' રાજકારણમાં પડ્યા છે તેમને પૂછો તો કહેશે, 'ચીફ મિનિસ્ટર કે પ્રાઈમ મિનિસ્ટર થવું છે.' – આ સાચું ધ્યેય ના કહેવાય. ધ્યેય તો ભગવાનને રાજી કરવાનું હોવું જોઈએ. સાચા ભક્ત અને સંતાન એમને કહેવાય કે, જેમનું ધ્યેય પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુ અને પોતાનાં મા–બાપ – આ ત્રણને રાજી કરવાનું હોય. બાકી તો સમૃદ્ધિ છે, સત્તા છે, નોકરી છે, પરીક્ષા છે એમાં ઝાઝી તકલીફ પડે એવી નથી, તે તો પ્રાપ્ત કરી શકો ; પણ આ વસ્તુ કરવી બહુ અઘરી છે. અને જો ભગવાનનો, ગુરુનો ને મા–બાપનો રાજીપો મળે તો જીવનમાં કોઈ સંકલ્પ, કોઈ મનોરથ આપણા અધૂરા નહીં રહે, પૂરા થશે. એટલે અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં ચોથું સ્ટેજ – પ્રગટ સત્પુરુષને વિશે જોડાવું અને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તે છે. એમની આજ્ઞા પાળીએ તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય. 'આજ્ઞા' મુખ્ય શબ્દ આપ્યો છે.


યોગીજી મહારાજ કહેતા, 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ , મૂળ વગરનું ધોકડું, ઢળી પડશે ઢબ તો કરેગા કબ ?' ભગવાનને રાજી કરવાનો ભાવ, ભક્તિ કરવાનો ભાવ, ભગવાનને અર્થે કંઈ સમર્પણ કરવાનો ભાવ હોય તો – કાલે કરું એમ નહીં, આજે જ કરો અને આજે કરવાનું હોય તો હમણાં જ કરો. મૂળ વગરનું ધોકડું, 'ધોકડું' એટલે આ શરીર. ઝાડને મૂળ છે, મકાન બનાવવા નીચે મજબૂત પાયો નાખવો પડે છે, પણ માણસને મૂળ નથી. 'ઢળી પડશે ઢબ' – એટલે તે ક્યારે પડી જશે એની ખબર નહીં પડે. 'તો 'કરેગા કબ ?' એટલે ભગવાન કહે, ભગવાનનું કાર્ય, ભગવાનને રાજી કરવાનો સંકલ્પ પૂરો કરી નાખવો. આપણે તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષે કાકાજી, પપ્પાજી, પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, દિનકરભાઈ–આવા દિવ્ય સાધુઓની આપણને ભેટ આપી ! એમને વિશે જોડાઈને, એમની આજ્ઞા પાળીએ તો જીવનનું કોઈ કામ બાકી નહીં રહે. પણ મુશ્કેલી એ છે કે, જ્યારે ભગવાન સત્પુરુષ દ્વારા પ્રગટ હોય ત્યારે તેમને ઓળખવા બહુ અઘરા છે. કારણ કે, એમની ક્રિયા માનવીય હોય – માનવની હોય.

શ્રી રામ ભગવાન આવ્યા તો કેટલાએ એમને ઓળખ્યા ? શ્રી કૃષ્ણ ભગવાન આવ્યા તો કેટલાએ એમને ઓળખ્યા ? શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનમાં પણ તમે જુઓ તો કેટલા ભૂલથાપ ખાઈ ગયા. યોગીજી મહારાજની સાથે અમે રહ્યા, ઊછર્યા. પણ, બાપા સ્વયં પ્રભુનું સ્વરૂપ છે, તો બે હાથ જોડી એમની આજ્ઞા પાળીને, એમનાં રુચિ–રહસ્ય પ્રમાણે જીવન જીવનાર કેટલા ? કાકાજી, પપ્પાજી, પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ અને એવા બીજા કેટલાક ભક્તો હતા, એટલા પાક્યા. બાકી, સંતો–ભક્તોનો લાખોનો સમાજ હતો, પણ યોગીજી મહારાજને પ્રભુનું સ્વરૂપ માનીને, બે હાથ જોડીને તેમની આજ્ઞા પાળનારે જે કર્યું એ રાંક થઈને ભક્તિ કરી કહેવાય. ભગવાનને ઓળખવા, ભગવાનની આજ્ઞા પાળવી અને એમના ભક્તોમાં નિર્દોષભાવ રાખવો. નિર્દોષભાવ રાખવો એ અઘરામાં અઘરું કામ છે.

દાદુકાકાએ કહ્યું કે, 'અક્ષરધામમાં જે મહારાજ છે, દેહ મૂકીને જે પ્રભુને પામવા છે, કરોડ વ્રત, કરોડ યજ્ઞ, કરોડ દાન કરીને જે ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે ; એ માનવરૂપે યોગીજી મહારાજ સ્વરૂપે મળ્યા છે.'

સાચા ભક્ત અને સંતાન
એમને કહેવાય કે,
જેમનું ધ્યેય પોતાના ઈષ્ટદેવ,
પોતાના ગુરુ અને પોતાનાં મા-બાપ -
આ ત્રણને રાજી કરવાનું હોય.





**ભગવાન, સાધુ,**
**ગુણગાન અને મહિમાની વાતો સિવાય**
**બધું છૂટી જવું જોઈએ;**
**એ જ સાચી ભક્તિ કહેવાય !**
**નકારાત્મક કોઈ વાત નહીં, હકારાત્મક રહેવું.**

આ વાત એમણે કરી ત્યારે યોગીજી મહારાજને વિશે બધાને ભાવ થયો. માનવરૂપે વિચરતા પ્રભુના સ્વરૂપને ઓળખવું એ અઘરામાં અઘરી વાત છે. અને જો તે ઓળખાય અને બે હાથ જોડી તેઓની આજ્ઞા પાળે તો સાધના સહેલામાં સહેલી અને આનંદદાયક થઈ જાય. પણ, પ્રભુને ઓળખ્યા વગર રાંક થઈને ભક્તિ થતી નથી; પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કર્યા વગર રાંક થવાતું નથી, પોતાના અસ્તિત્વનું વિસર્જન થતું નથી. જેઓ ગુણાતીતભાવને પામ્યા છે, મહારાજ પછી ગુણાતીત લો, ભગતજી મહારાજ લો, જાગા સ્વામી, કૃષ્ણજી અદા, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, યોગીજી મહારાજની કૃપાથી પ્રમુખ સ્વામીથી અશ્વિનભાઈ સુધી બધા રાંક થઈ ગયા, ભગવાનમાં ખોવાઈ ગયા, હોમાઈ ગયા.

M.Sc.નો અભ્યાસ કરતા અશ્વિનભાઈ યોગીબાપાની આજ્ઞાથી બીજે જ દિવસે બાપાની સેવામાં પહોંચી ગયા. આ સમર્પણ છે, આ રાંકભાવ છે કે પોતાના ગુરુને પ્રભુનું સ્વરૂપ માન્યું એટલે ૧૦૦% એમના તરફનો સમર્પણ ભાવ ! અશ્વિનભાઈ દસ મહિના યોગીબાપા સાથે સેવામાં રહ્યા ને બાપાની અનંત પ્રકારની નિર્દોષભાવની કસોટીઓમાંથી પાસ થયા. યોગીજી મહારાજ દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થયા અને અશ્વિનભાઈ – અશ્વિનભાઈ ના રહ્યા, ભગવાનને ધારક સાધુ – 'સાધુરામ' બની ગયા; તમે વિચાર કરો ! શાંતિભાઈને તમે જુઓ ! કેટલાં બધાં પ્રલોભન ! ઈંગ્લૅન્ડ જવાની સ્કૉલરશિપ મળે, પરણવાનાં સારાં માંગાં આવે, સારી નોકરીઓ, સારી સારી ઑફરો; બધાંમાં યોગીજી મહારાજ સિવાય મારા જીવનમાં કોઈની મહત્તા નથી, તો કોઈ તરફ જોયું નહિ અને યોગીજી મહારાજની આજ્ઞા પાળવા માટે દાસભાવે–રાંકભાવે ભક્તિ કરી તો ભગવાનની પ્રસન્નતાનું પાત્ર બન્યા. 'શાંતિ પમાડે તેને સંત કહીએ' એવી સાધુતા યોગીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીને મેળવી. આવા સાધુઓએ આપણને દૃષ્ટિમાં લીધા. યોગીજી મહારાજે ખરેખર આપણા પર બહુકૃપા કરી ! તો એવા સાધુની આપણે આજ્ઞા પાળીએ.

એક વખત આણંદ મંદિરે બાપાનાં દર્શન કરવા ગયા હતા. પૂજામાં બાપા બેઠા હતા. હું દૂરથી દર્શન કરતો હતો. જૂન, ૧૯૬૬ની–સાઠ વર્ષ પહેલાંની વાત કરું છું. બાપા તિલક કરતા હતા અને મારા સામું જોઈને બોલ્યા, 'ગુરુની આજ્ઞામાં રહીએ એ સાચું દર્શન છે.' હું ઊભો થઈને નીકળી ગયો. અનંત પ્રકારનાં દર્શન છે, યાદ રાખો ! એમની મૂર્તિ સામે જોઈ રહો એ દર્શન છે, એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવો એ પણ એક દર્શન છે. આ દેશ–પરદેશના મુક્તો પધાર્યા છે, તેઓ અહીંયાં એક, બે કે ત્રણ અઠવાડિયાં રહે, પછી જતા રહેવાનું. પછી તેમને આખું વર્ષ ફિઝિકલ દર્શન ના મળે. પણ, પ્રમુખસ્વામી, મહંતસ્વામી, હરિપ્રસાદસ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ કે મોટા સંતોની ભેગા અઠવાડિયું કે બે અઠવાડિયું રહીએ પછી એ સ્મૃતિ લઈને જઈએ તો જ્યાં જઈએ ત્યાં એમની સ્મૃતિમાં રહીએ અને તેઓ જે આજ્ઞા કરે એ આજ્ઞા પાળીએ એ દર્શન છે !

૧૯૬૪ની વાત કરું. છાત્રાલયના બાંધકામનું કામ ચાલતું હતું. યોગીબાપાનાં દર્શન કરવા અમે બધા આણંદ રેલવે સ્ટેશન પર ગયા હતા. બાપા ડબ્બાના દરવાજાના બે સળિયા પકડીને ઊભા હતા, મને બોલાવ્યો ને કહે, 'તમે બધા ગોંડલ ને માણાવદર આવો.' માણાવદર મંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા હતી ને ગોંડલ બાપાની જયંતી ઊજવવાની હતી. પછી કહે, 'છાત્રાલયના કામ માટે આ રતિલાલભાઈ અને ચશ્માંવાળા સનંદભાઈ એ બેને અહીં રોકજો.' ને આશીર્વાદ આપ્યા કે, 'જાવ, આજ્ઞા ભેળી મૂર્તિ રહેશે. તમે અહીં રોકાજો, ભગવાનની મૂર્તિ તમારી ભેળી રહેશે.' અમે બધા ગોંડલ ને માણાવદર ગયા અને ડૉક્ટર ને રતિભાઈ અહીં રોકાયા. છાત્રાલયનું કામ ચાલતું હતું. પાયા ખોદેલા, પણ ભરેલા નહીં. ચોમાસું હતું તેથી ખબર આવી કે, આ બે દિવસમાં વરસાદ પડશે. ડૉક્ટર તો અમારા જબરજસ્ત વિશ્વાસુ ભક્ત ! એમને થયું કે, વરસાદને લીધે પાયા પાણીથી ભરાઈ જશે તો ફરીથી ખોદવા પડશે ને બહુ નુકસાન થશે. એટલે એમણે હૉસ્ટેલની ૧૪ નંબરની ૧૨x૧૨ની રૂમમાં મંદિર બનાવેલું ત્યાં પલાંઠીવાળી ધૂન કરી કે, 'બાપા, તમારી આજ્ઞાથી અહીં રહ્યા છીએ તો આજ્ઞા ભેળી તમારી મૂર્તિ અમારી સાથે જ છે તેવો પરમ વિશ્વાસ છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે, છાત્રાલયના એરિયામાં વરસાદ ના પડવો જોઈએ.' તમે માનશો ? આ

રતિકાકા ને ડૉક્ટરે ધૂન કરી તો એટલા એક કિલોમીટરના એરિયામાં કંઈ વરસાદ નહીં, બીજે બધે વરસાદ હતો. આ અશક્ય લાગે, પણ બનેલી હકીકત છે. ભગવાનને પ્રાર્થના કરવા માટે કોઈ મંદિરની જરૂરિયાત નથી. જ્યાં સાચા ભાવે તમે પ્રાર્થના કરો ત્યાં ભગવાન સાંભળે. તો, આપણે ભક્તો એમની આજ્ઞામાં રહીએ, એમની સ્મૃતિમાં રહીએ. અને કંઈ પણ થાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મહામંત્રનો જાપ કરીએ તો મોટા ભાગની આપણી મુશ્કેલીઓ અને દોડાદોડી દૂર થઈ જાય. પણ પ્રભુના, સાધુના વચનમાં પરમ શ્રદ્ધા, પરમ વિશ્વાસ હોવો જોઈએ ! અને શ્રદ્ધાથી કરેલી પ્રાર્થના ભગવાન સાંભળે છે, એવા ભાવથી કરેલી પ્રાર્થના શ્રદ્ધાપૂર્વક કરેલી પ્રાર્થના કહેવાય !

આવો 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર મહારાજે આપણને આપ્યો છે. બાપાએ બધાને અનુભવ કરાવ્યા છે. અને એવા અનુભવ અત્યારના સંતો દ્વારા પણ બધાને થાય છે. તો અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રમાણે એવા સાધુમાં હેત કરીને, એમની આજ્ઞા પાળીએ. એમની સ્મૃતિસભર શ્રી 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીએ તો દેશ-પરદેશ જ્યાં હોઈએ ત્યાં ભગવાન કહે, 'અમે તમારી સાથે જ છીએ.' ત્યાગી-ગૃહસ્થનો કોઈ મેળ નથી. એટલે ? જે ભગવાન રાખે એ ત્યાગી. સંસારનો ત્યાગ એટલે અંદર રહેલો સંસાર છૂટી જવો જોઈએ. ભગવાનને ના ગમે એવું વર્તવાનું, બોલવાનું, વિચારવાનું છૂટી જાય અને ભગવાનને ગમતાં જ વિચાર, વાણી ને વર્તન થાય એ જે જીવન છે એ સાચું જીવન છે, એ સાચો વૈરાગ્ય છે. ને એવો વૈરાગ્ય જે ગૃહસ્થ ભક્તોને ને સંતોને હોય તેઓ બંનેનું જીવન ધન્ય થઈ જાય. આજે એવી અદ્ભુતતા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ને ગુરુદેવ યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા આપણા માટે પ્રગટાવી છે. જ્યાં છીએ ત્યાં સ્મૃતિમાં રહીને આજ્ઞા પાળી, ભજન કરો તો ભગવાન કહે, 'અમે રાજી !' ભગવાન રાજી હોય તો આપણું જીવન ધન્ય! યોગીજી મહારાજે એવું જીવન જીવી સાચા ગુણાતીત સાધુનું દર્શન કરાવ્યું. અનંત પ્રકારના સંતો છે. ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિવાળા એવા એવા સાધુઓ છે કે, એકને જુઓ ને બીજાને ભૂલો, બીજાને જુઓ ને ત્રીજાને ભૂલો ; એટલા પ્રભાશાળી સાધુઓ ! પણ, એ સાધુઓમાં ભગવાનધારક, ગુણાતીતભાવને પામેલા-યોગીજી મહારાજ જેવા સાધુ ભાગ્યે જ મળે. ને એવા દિવ્ય પુરુષે આપણો સ્વીકાર કરીને આપણને આ માર્ગે ચાલતા કર્યા છે. એવા દિવ્ય પુરુષની સ્મૃતિમાં ભજનસંધ્યા આપણે ત્યાં દર મહિને ૨૩મી તારીખે થાય છે.

દેશ-પરદેશથી ઘણા બધા ભક્તો પધાર્યા છે. પધારેલા બધા ભક્તોની તબિયત સારી રહે. ભારતમાં આવ્યા છો તો તમારાં બધાં કામો પૂરાં થાય અને છો એના કરતાં વિશેષ માહાત્મ્યથી ભર્યા ભર્યા બની પરદેશ પાછા ઘરે જાવ. સૌને પ્રભુની અનંત પ્રકારની સ્મૃતિઓ રહે. ભગવાન, સાધુ, ગુણગાન અને મહિમાની વાતો સિવાય બધું છૂટી જવું જોઈએ; એ જ સાચી ભક્તિ કહેવાય ! નકારાત્મક કોઈ વાત નહીં, હકારાત્મક રહેવું. ભગવાન રાજી થાય એવી ગુણગાન ને મહિમાની જ વાતો રાખી, બાકી બધું ખંખેરી નાખવું. તમે પરદેશથી કશું લઈને આવ્યા હોવ તો એ વસ્તુ વહેંચીને કામની વસ્તુ લઈ જાવ છો. એમ, આપણે અહીંની વસ્તુ છોડીને અક્ષરધામમાં ગુણગાન, મહિમા ને સેવા આટલું જ જરૂર છે-એ કર્યા કરીએ. ત્યાં પાછા જઈને આ જ કરીએ તો પરદેશમાં પણ અક્ષરધામરૂપ થવાશે. અને ભગવાનના થઈને જીવીએ, પોતાનું બધું ભગવાનને અર્થે કરી રાખીએ અને સંતોની હેતે કરીને આજ્ઞા પાળીએ તો ભગવાન રાજી રાજી ને રાજી ! યોગીજી મહારાજ આ આપીને ગયા છે. એવું જીવન જીવીએ એ બાપા તરફની સાચી ભક્તિ અદા કરી કહેવાય.

નવા વર્ષે આપણાં સૌની એવી ભક્તિ વધારે ઉત્સાહ ને ઉમંગથી અદા થાય. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે નવું વર્ષ ખૂબ મદદરૂપ બની રહે ને સંપ, સુહૃદભાવ, એકતા રાખી બાપાના કાર્યને વેગવંતું બનાવવા આપણે સમર્પિત થઈને ભક્તિ કરીએ ; એવું આપણને સર્વને પ્રભુ બળ આપે એવી પ્રભુચરણે, ગુરુચરણે બાપાની સ્મૃતિસભર ભજનસંધ્યાની પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

ભગવાનના થઈને જીવીએ,
પોતાનું બધું ભગવાનને અર્થે કરી રાખીએ
અને સંતોની હેતે કરીને આજ્ઞા પાળીએ તો
ભગવાન રાજી રાજી ને રાજી !





# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



**આજે** સાહેબની જયંતી ઉજવાય છે

શ્રીજીના પરમ તત્ત્વના ધારક સાહેબની જયંતી ઉજવાય છે

અક્ષરપુરુષોત્તમની યુગલ ઉપાસનાના સમર્થક

અને ઉપાસકની જયંતી ઉજવાય છે

યોગીજી મહારાજના માનસ પુત્ર – યોગીના વારસદાર–

યોગીપેઢીના ભાગીદારની જયંતી ઉજવાય છે.

**સાહેબ !**

આપે સૌના પ્રતિ આત્મભાવે વર્તન કર્યાં છે

કોઈના દોષને ગણ્યા વિના,

કોઈના સ્વભાવને ગણકાર્યા વિના

સદા સૌનું રૂડું થાય તેવા ભાવથી સ્વીકાર્યા છે.

જે આપના શરણે આવે છે તેના યોગ અને ક્ષેમનું વહન આપ કરો છો

તેનો આત્મા ઊર્ધ્વગતિને પામે તે માટે આપ સદા તત્પર રહો છો.

આપનામાં જે વિશ્વાસ કરે તેને આપ વિવિધ

આજ્ઞાઓ આપી સુખી કરો છો.

આપ સદાય સૌના હિતચિંતક બન્યા છો.

આપે યોગીબાપાને રાજી કરવાનો સંકલ્પ સદા જીવંત રાખ્યો છે.

બાપાને ગમતા સર્વ ક્રિયાયોગોને આપે ગતિમાન કર્યા છે.

બાપાના વચનમાં સારધાર જીવ્યા છો અને

આપના આશ્રયે આવેલા સૌને તેવું જીવન જીવતા

કરવા સદા શ્રમ કર્યો છે.

**સાહેબ !**

આપે સમાજ ઘડતરને આપનું કર્તવ્ય માન્યું છે.

આદર્શ સુખી સમાજની આપની અનોખી કલ્પના છે.

રાગ–દ્વેષ, હઠ, માન, ઈર્ષ્યા રહિત,

પ્રભુનો આશરો દૃઢ કરી સુખી રહેનાર

સમાજની રચના માટે આપે પ્રવૃત્તિ ઉપાડી છે.

આપે આપના પ્રત્યેક કર્મને ભક્તિ માની છે

આપને જે ખૂબ ગમે છે તે પ્રભુને રાજી કરવાની

ઈચ્છા અભીપ્સા સેવતા મુક્તો.

તેઓ માટે આપે આપનું જીવન કુરબાન કર્યું છે.

આપની પ્રત્યેક ક્રિયાની પાછળ કેવળ પ્રભુને

પ્રસન્ન કરવાનો ભાવ છે અને તેથી તો

આપનું પ્રત્યેક કર્મ નિર્ગુણ છે અને તેથી જ

કર્મ માત્રને ભક્તિ બનાવવા આપ સદા આગ્રહ રાખો છો.

આપ દેહમાં છો પણ દેહાતીત છો.

આપે આપના દેહને–મનને સમગ્રને પ્રભુ અને

પ્રભુના સંબંધવાળા ભક્તોને કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે

તેથી તો આપનું સમગ્ર તંત્ર દિવ્ય છે.

આપ બોલો છો ત્યારે પ્રભુ બોલે છે.

આપ હસો છો ત્યારે પ્રભુ હસે છે.

આપ દ્વારા પ્રભુ વિચરે છે અને આપના દ્વારા પ્રભુ ઉપદેશે છે.

**સાહેબ !**

આપે સમાજના નૈતિક પુનરુત્થાન માટે જેટલી જહેમત ઉઠાવી છે

તેવી જ સમાજમાં ને વ્યક્તિમાં

અધ્યાત્મનું સિંચન કરવાની ધખના રાખી છે.

આપે અનંત આત્માઓમાં દિવ્યતાની

ચિનગારી ચાંપી છે ને અધ્યાત્મને માર્ગે દોર્યા છે.

યોગીબાપાએ આપને કહેલું... 'હે જશુભાઈ સાહેબ...

આપણે નોકરી કરવા નથી જન્મ્યા

આપણે તો અનેક જીવોને સુખી કરવા જન્મ્યા છીએ...'

બાપાનું આ વિધાન આજે અક્ષરશઃ સત્ય પુરવાર થયેલું અનુભવાય છે

તો હે સાહેબ ! આજે આપના ચરણે પ્રાર્થના ધરવી છે...

* આપ યુગલ ઉપાસનાના પ્રવર્તક છો
  અમારા અંતરે ઉપાસનાની દૃઢતા કરાવો.

* આપ યોગીપ્રેમના વારસદાર છો
  અમારાં જીવન પ્રેમલ બનાવો.

* આપ સંબંધવાળાના દાસ બની જીવો છો
  અમને દાસ બની રહેવા – અહંશૂન્ય થવા બળ આપો.

* આપ સદા પ્રભુ પ્રતિ વિશ્વાસુ રહ્યા છો
  અમને આપના પ્રતિ... શાસ્ત્રીજી મહારાજ...
  યોગીજી મહારાજ પ્રતિ અને આપ અને આપના જેવાં ગુણાતીત
  સ્વરૂપો પ્રતિ વિશ્વાસ દૃઢ કરાવો.

* આપે જીવનની પ્રતિપળ પ્રભુની અને
  પ્રભુના સંબંધવાળા સૌની સેવાર્થે ખર્ચી છે –
  અમને પણ સેવામાં હોમાઈ જવા અને
  જીવનની પ્રતિપળ ભક્તિ અર્થે વાપરવા શક્તિ અને સમજ આપો !

* આપ પ્રભુના ધારક છો...
  મહાન સંત છો...
  સંતનાં ત્રીસ લક્ષણના ધારક છો છતાં હળવા છો
  આપની મોટપનો આપને ભાર નથી
  અમને પણ હળવા બનાવો.

* આપે આપના જીવનમાં સદા પ્રભુને આગળ રાખ્યા છે...
  સર્વ કર્તાહર્તા પ્રભુને માન્યા છે ને વર્ત્યા છો...
  અમને પણ તેવો કર્તાહર્તાનો ભાવ દૃઢ કરાવો.

* આપ નિરાકાર છો
  અમને નિરાકાર બનાવો.

* આપે જે કંઈ કર્યું તેને આપ કદી નથી માનતા મેં કર્યું...
  પોતાપણાના ભાવથી આપ રહિત છો
  અમને પણ અમારા પોતાના 'સ્વ'ના ભાવમાંથી મુક્ત કરો.

* આપ પ્રભુનું પ્રત્યક્ષ સ્વરૂપ છો
  અમને આપના દાસ બનાવો –સેવક બનાવો –ગુલામ બનાવો !

**સાહેબ !**

હજુ આપની પાસે ઘણું માગવું છે... છતાં

અહીં માગણીને પૂર્ણ કરું છું. અને

છેલ્લી એક પ્રાર્થના છે...

અમને આપને જેવા ઘડવા હોય તેવા આપ જ ઘડજો... અને

આપ ઘડતર કરો ત્યારે

અમારા સ્વભાવને કારણે આપનો હાથ ન પકડીએ ને

આપને આપનું કાર્ય કરવા દઈએ તેવા સરળ ને સહજ બનાવજો.

અમને આપના બનાવો !

વિદ્યમાન સ્વરૂપો ને સૌ સ્વરૂપોને પ્રાર્થના !



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૨૫/૧૨/૨૦૦૦



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

શ્રી વડતાલધામ પદયાત્રા

૨૯ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર, શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલધામ

---

**પ્રગટ** ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિ સાથે આપણે સૌએ શ્રી હરિકૃષ્ણ મહારાજને ભાવ ધર્યા. બધાંને ચાલીને આવેલાં જોઈને પદયાત્રીઓની પર સાહેબદાદાએ અત્યંત પ્રસન્નતા વરસાવી એટલે સૌ ધન્ય થયાં ! બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજની અદ્‌ભુત અમૃતવાણીની સ્મૃતિ કરીએ તો તેઓ એમ કહેતા કે, તીર્થસ્થાનનાં દર્શને આપણે જઈએ તો આપણને એક એક પગલે એક એક અશ્વમેધ યજ્ઞ કર્યાનું પુણ્ય મળે. જે કોઈ આ યાત્રામાં જોડાયાં, વહેલાં ઊઠીને ચાલતાં આવ્યાં, સગવડ પ્રમાણેના વાહનમાં આવ્યાં, એ સર્વને ધન્યવાદ છે !

આણંદના એક ભક્તરાજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને પોતાની મોટરગાડીમાં બેસાડીને પધરામણીએ લઈ જતા હતા. બાપા સાથે વ્યક્તિગત વાત કરવાનો એ બહુ સુંદર મોકો હતો. એટલે એમણે પોતાની મુશ્કેલીની વાત કરી કે, ‘બાપા ! આ ધંધા, વ્યાપાર, વ્યવહાર, કામકાજ એટલું બધું છે કે અમારાથી આપ કહો છો એવી ધૂન, માળા ને પ્રાર્થના થતી નથી.’ સાચા દિલની એમની પ્રાયશ્ચિત્તભરી પ્રાર્થના સાંભળીને યોગીબાપા એમ કહે છે કે, ‘ગુરુ, તમે અમને તમારી મોટરમાં લઈને ફેરવો છો તો તમારી ગાડીનાં જેટલાં ટાયર ફરે છે એટલી તમારી માળા જમા થાય છે.’ આ વાતને સંભારીને જેઓ પગપાળા આવ્યાં અને જેઓ મૉટરગાડીમાં આવ્યાં એ બધાંને માળાનું ફળ મળી જાય એવી શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

ગુરુહરિ સાહેબદાદાએ ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિ અખંડ જોડી રાખવા પોતાની રુચિ ને પોતે કેવું જીવે છે એનું દર્શન એમની સેવામાં રહેલા સેવકોને કરાવે છે. આપણે કદાચ એવી અખંડ વૃત્તિ તો નથી રાખી શકતાં, પણ આવી સ્મૃતિઓને આપણે સંભારતાં રહીએ. ૨૭ વર્ષથી આપણી આ પદયાત્રા ચાલે છે. પહેલાં ગુરુસભાના થોડા યુવાનો અને અમારા વ્રતધારી સંતો દ્વારા આ કાર્યક્રમની શરૂઆત થઈ. એમનો જે તરવરાટ અને ગુરુભક્તિ માટેનો એમનો એવો ઉમંગ ને ઉત્સાહ કે વહેલી સવારે બધા તપોભૂમિ બ્રહ્મજ્યોતિથી નીકળી, શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી પહેલાં મંદિરમાં ઘુંમટ નીચે બેસીને અમે ધૂનની રમઝટ જમાવતા. દ્વાર ખૂલે ને દર્શન થાય એ પહેલાંનો સમય વ્યર્થ વેડફવાને બદલે અમારી ભજનમંડળી, અમારા સંતો બધા નીચે ફ્લૉર પર બેસીને ધબધબાટી બોલાવીએ. એ જ ભક્તિ, એ જ ઉમંગ, એ જ ઉત્સાહથી ધીરે ધીરે ચરોતર પ્રદેશના ભક્તો જોડાતા થયા, અમદાવાદ, વડોદરાના ભક્તો જોડાતા થયા અને અત્યારે તો છેક મુંબઈથી માંડીને કચ્છ સુધીના ભક્તો આ પદયાત્રામાં આવે છે; એ એમની ગુરુભક્તિ છે, પ્રભુભક્તિ છે ! એમની સેવા-સરભરા, સ્વાગત કરવાનો અમારા યુવાનોને ને સંતોને મોકો મળે છે એ બદલ અમે ગુરુહરિ સાહેબદાદાનો ને વડતાલ નિવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ !

બહુ સુંદર શ્લોક છે – 'ધ્યાન મૂલં ગુરુર્મૂર્તિ' એટલે આપણે એમ સમજીએ કે, આંખો બંધ કરીને ગુરુની મૂર્તિનું ધ્યાન કરવું. પણ જો અખંડ અનુસંધાન – મારા ગુરુ રાજી થશે, મારા પ્રભુ રાજી થશે એનું હશે અને હરેક વિચાર, વાણી ને વર્તનને વ્યવહારમાં મૂકતાં પહેલાં આ પ્રકારની જાગ્રતતા રાખવી એ ગુરુનું ધ્યાન ધર્યા બરાબર છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની આ રમણ રેતી, તો આપણું જે મૂળ છે, જ્યાંથી આપણે કંઈક પામ્યાં છીએ; એનું ઋણ સતત સંભારતા રહેવું એ પણ છે 'ધ્યાન મૂલં'. હું આજે જે કંઈ પણ છું તે મારાં માતા-પિતા, વડીલો ને ગુરુજનોના આશીર્વાદને પરિણામે છું ! આપણો આખો માર્ગ કૃપાસાધ્ય છે ! તમે પગપાળા યાત્રા કરીને આવ્યાં કે તમે તમારી સગવડ પ્રમાણે જે વાહન મળ્યું એમાં વડતાલ આવ્યાં; પણ તમે પદયાત્રાના કાર્યક્રમમાં જોડાયાંને, એટલે ધન્ય છે તમને ! પણ આ કૃપામાર્ગ છે ! આપણાં કોઈ સાધન એવાં નથી કે, જેનાંથી આપણે ગુરુની કૃપા અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકીએ. કરોડ યજ્ઞ કરે, કરોડ વર્ષ સુધી તપ કરે, કરોડો ગાયોનું દાન કરે તો પણ જે પ્રાપ્તિ ના થાય, તે પ્રાપ્તિ કેવળ ને કેવળ ગુરુની કૃપાથી થાય છે !

ગુરુની કૃપા મેળવવા માટે શું કરીએ તો મારા ગુરુ રાજી થશે, મારા પ્રભુ રાજી થશે ? એવું અનુસંધાન રાખીને આધ્યાત્મિક માર્ગે- ઉત્થાનના માર્ગે આપણે ચાલી રહ્યાં હોઈએ ત્યારે ધ્યાન રાખવાની ગુરુહરિ સાહેબદાદાએ આપણને શીખ આપી છે કે, કોઈનાય અભાવ, અવગુણ, ખટપટ કે માથાકૂટમાં કદી પડવું નહીં. અને ગુણાતીતાનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા છે કે, 'ભગવાન અને ભગવાનના ભક્તોના ગુણ ગાવા અને સાંભળવા તો આ જીવ બ્રહ્મરૂપ થઈ જશે.' દેહના ભાવ સાથે એકરૂપ થયેલાં આપણાં માટે આવા કાર્યક્રમો દેહભાવથી નોખા પડવાના ઉત્થાનમાર્ગે ચાલવાના કાર્યક્રમો છે. ચાર વાગ્યે બ્રહ્મજ્યોતિથી ચાલતાં નીકળે એટલે દેહના ભાવથી છૂટા પડ્યા-ઉપર ઊઠ્યા. તો ભગવાનની ભક્તિ કરવામાં, ધૂન કરવામાં, માળા જપવામાં, પ્રાતઃપૂજા નિયમિત રીતે કરવામાં અને ગુરુહરિ સાહેબદાદાએ નવા વર્ષના પ્રારંભે જે નિયમો આપ્યા છે એમાં અઠવાડિક સત્સંગસભા ને નિયમિત રીતે અડધો કલાકની ધૂન અને એક 'વચનામૃત' ને 'સ્વામીની વાતો'નો સ્વાધ્યાય કરવો; તે માટે દેહભાવથી ઉપર ઊઠી તે નિયમોનાં પાલન કરીએ. જાગ્રત સાધકો માટે આ ઉત્થાનનો માર્ગ છે. ગુરુહરિ સાહેબદાદા તો વર્ષોથી આ જ વાત કરતા રહ્યા છે, તો તેનું જાગ્રતતાપૂર્વક અનુસંધાન રાખીએ.

તેઓ અખંડ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની સ્મૃતિ રાખે છે અને તે સ્મૃતિ કરીને આપણે આખું વર્ષ 'ગુરુ આજ્ઞા મહિમાનું પર્વ' ઊજવવાનાં છીએ. કેટલા બધા પ્રસંગો છે ! ૧૯૬૫-૬૬ની સાલ એવી હતી કે, આખા સત્સંગની અંદર એક બહુ જ મોટી ઉત્ક્રાંતિ, હરણફાળ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પે, એમની શુભ હાજરી દરમિયાન થઈ. હૉસ્ટેલની રૂમમાં મંદિર કરવાની ગુરુએ આજ્ઞા કરી. ત્યારે 'ધ્યાન મૂલમ્ ગુરુર્મૂર્તિ...' એ જ વાત હતી. હૉસ્ટેલમાં મંદિર બનાવવાનું મારા ગુરુએ કહ્યું છે તો હું એમનો દાસ છું, સેવક છું, ભક્ત છું, અનુયાયી છું; એમનું જે વચન એનું પાલન કરવું એ મારી પવિત્ર ફરજ બને છે ને એ જ મારી ભક્તિ છે ! તો, ગુરુના વિશેની ભક્તિ આપણે કઈ રીતે અદા કરી શકીએ ?

**કરોડ યજ્ઞ કરે, કરોડ વર્ષ સુધી તપ કરે, કરોડો ગાયોનું દાન કરે તો પણ જે પ્રાપ્તિ ના થાય, તે પ્રાપ્તિ કેવળ ને કેવળ ગુરુની કૃપાથી થાય છે !**

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રમાં એક પ્રસંગ છે. વરસતા વરસાદમાં એક ભક્તના ઘરનો મોભ ખસી ગયો. તો તેને મદદ કરવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે ગયા. તેઓએ પેલા ભક્તને કહ્યું, 'તું મારા ખભે ચઢી જા.' ખભે ચઢે એટલે ઊંચાઈ વધે અને જે મોભ ખસી ગયો છે એને પેલો સરખો કરે ને ટેકો આપે. સ્વાભાવિક છે કે, જેમને આપણે આપણા ભગવાન માન્યા, ઈષ્ટદેવ માન્યા, એમની સાથેનો શરીરથી પણ આવો અવિવેક સ્વપ્નમાં પણ આપણે કરવાનું વિચારીએ નહીં. પેલો કહે, 'બાપજી, તમારા ખભે ચઢવાનું !' ત્યારે સ્વામિનારાયણ ભગવાન ઝાટકીને એમ કહે છે કે,

'મારી જીભ ઉપર પગ મૂકીને તમે ચાલો છો તો મારા ખભે ચઢવામાં શું વાંધો છે ?' અત્યારે વરસતા વરસાદમાં ઘરનાં ઢોર પર ઘરનો મોભ અને પતરાં પડે ત્યારે રેસ્ક્યૂ-બચાવ કાર્ય કરવું એ મહત્ત્વનું ને અગત્યનું છે એટલે ભગવાનને કહ્યું કે, 'મારે ખભે ચઢી જા અને આ કાર્યને પૂર્ણ કર.' પણ ત્યારે આપણે વેવલાવેડા કરવા જઈએ અને એટલે તો તેઓએ ઝાટકીને આવું કહી દીધું. આ આપણે સૌએ સમજવા જેવું છે. 'જીભ ઉપર પગ મૂકવો' એટલે ? એમના વચનને લોપવું. એમની વાણી દ્વારા એમણે એમના ભક્તો, એમના શિષ્યો ને અનુયાયીઓને જેટલો આદેશ કર્યો છે એનું પાલન આપણે ના કરી શકીએ તો આપણે એમની જીભ ઉપર પગ મૂક્યો કહેવાય. મહિમાની આપણે બહુ મોટી મોટી વાતો કરીએ છીએ, પણ એમનું વચન આપણે કેવા ભાવથી અદ્ધર ઉપાડીએ છીએ ને આપણા પોતાના જીવન-વર્તનમાં લાવીએ છીએ તે જોવાનું છે. ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂમિ પર બેસી ગયા ને પેલો ભગત બિચારો તરત ખભે ચઢી ગયો.

આપણે જ્યારે ગુરુઆજ્ઞાના સાંઈઠમા વર્ષની ઉજવણી કરીએ છીએ ત્યારે સાહેબદાદાએ એમના ગુરુની આજ્ઞાને કેવી માનીને પાળી ! આપણે પણ તેઓની આજ્ઞા પાળવાની રુચિ રાખીએ, એમના વચનને વિશે શ્રદ્ધા ને વિશ્વાસ રાખીએ, એમની મૂર્તિનું અનુસંધાન ને બળ લઈએ તો કુદરત એવી છે કે, બધાં પરિબળો આસપાસથી ગોઠવાઈ જાય.

કૉલેજમાં ભણતા એક વિદ્યાર્થીને એક પ્રસાદીની જગ્યા ઉપર ઓટો બાંધવાની આજ્ઞા થાય. એની પાસે શું સાધન-સંસાધન હોય ? અને એ વિદ્યાર્થી પોતે રહે વલ્લભવિદ્યાનગરની કૉલેજની હૉસ્ટેલમાં અને ત્યાં અટલાદરાના રસ્તે ઓટલો બાંધવાનો ! આપણે આપણી બુદ્ધિથી વિચાર કરીએ તો કોણ કરશે ? ને કેવી રીતે થશે ? ને શું થશે ? બાપજી તો કહે, પણ આપણાથી તો થઈ શકે તેમ નથી. અને તેમાંય નબળું વિચારીએ કે, 'આપણી શક્તિ પ્રમાણેની ભક્તિ કરવી.' એમ કરીને આપણે ગુરુવચનને લોપવાનો રસ્તો શોધી કાઢીએ. પણ આજે જ્યારે આપણે ગુરુઆજ્ઞાનાં સાઠમા વર્ષની-'ગુરુઆજ્ઞા મહિમા પર્વ'ની ઉજવણી કરીએ છીએ ત્યારે ગુરુનો મહિમા અને ગુરુના વચનનો મહિમા આપણે સમજીએ.

શ્રી હરિકૃષ્ણ મહારાજનાં શ્રીચરણોમાં બેસીને શ્રી લક્ષ્મીનારાયણ દેવના નામ સાથે જોડાયેલી આ વિદ્યાભૂમિ ઉપર આપણે સૌ સામૂહિક સંકલ્પ ને પ્રાર્થના કરીએ કે, અમને પ્રાપ્ત થયેલા અમારા ગુરુ મહારાજનો અમને યથાર્થ મહિમા સમજાય. એમના સ્વરૂપનું અમને યથાર્થ દર્શન પ્રાપ્ત થાય. એ દર્શન પ્રાપ્ત થવું એટલે ? એમના વચનનું અમને અનુસંધાન રહે અને તેઓ રાજી થાય, એમની પ્રસન્નતા પ્રાપ્ત થાય તેવો હાંહાંગડથલ સંપ, સુહૃદભાવ ને એકતાનો સિદ્ધાંત જાળવીને, ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યા ભગવાનની પ્રસન્નતાર્થે કરવાનો રૂડો સંકલ્પ કરીએ.

**સૌ સામૂહિક સંકલ્પ ને પ્રાર્થના કરીએ કે, અમને પ્રાપ્ત થયેલા અમારા ગુરુ મહારાજનો અમને યથાર્થ મહિમા સમજાય. એમના સ્વરૂપનું અમને યથાર્થ દર્શન પ્રાપ્ત થાય.**

અહીં જે બધાં આવ્યાં છે તેઓ ભગવાનના ભક્તો છે, એકાંતિક મુક્તો છે. એમની સેવા-પરિચર્યા કરવાનો અમને મોકો મળ્યો તે ભગવાનની પ્રસન્નતા અર્થે કરીએ. ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજ તો મંદિરમાં જાળીની અંદર છે, આપણે એમની શું સેવા કરીશું ? પણ એમનાં દર્શન માટે તલપાપડ એવા આ ભક્તો કે જેઓ દૂરદૂરથી પધાર્યા છે, તે ભક્તોની આપણે ભગવાનની પ્રસન્નતાર્થે મન, વચન, કર્મથી કાંઈક સેવા કરી શકીએ તો આપણે આપણા પક્ષેથી ભક્તિ અદા કરી કહેવાય ! એ ભાવથી આ ડિસેમ્બર મહિનાના છેલ્લા રવિવારની પદયાત્રા વર્ષોવર્ષ ગોઠવાય છે. અને દિન-પ્રતિદિન એમાં ભાગ લેનારા અક્ષરમુક્તોની સંખ્યા વધતી જાય છે. ખુરશીઓ ઓછી પડતી જાય છે, મંડપ મોટો થતો જાય છે; એ માહાત્મ્ય છે ! સંખ્યા વધી એના કરતાં આ સમજણનો દઢાવ વધ્યો એ બહુ મહત્ત્વની ને અગત્યની બાબત છે ને તેનાથી ગુરુહરિ સાહેબદાદા રાજી થાય છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

# Inspiring the Next Generation

~ Saheli Sheth (Peoria, USA)

**Has** someone ever compared you or wanted you to be more like someone else?

For example, someone may comment on your looks, skin color, or weight in relation to society's beauty standards.

Or there might've been a family member who used to tell you to study harder and be more like your bright classmate – the teacher's favorite.

Or you may even compare *yourself* to another person - for instance, a person with a happy family, an ever-tidy home, or a personality trait or skill that you wish you had. How did you feel when compared?

Now, I invite you to reflect on whether you've ever compared your kid (or spouse, family member, loved one, etc.) to someone else. I imagine most of us sometimes compare our kids to others, with good intentions to encourage our kids to change and "be better."

While the intent is often positive, what is the actual impact? Over the years, I've had quite a few individuals confide in me that they felt compared to their siblings - that if their parents had to pick their favorite child, it wouldn't be them. They felt like they were a disappointment to their family. This same effect of low self-esteem happens to our kids whether they are compared to a sibling, classmate, or friend.

It's worth exploring how our kids can grow freely without the weight of comparison. I remember growing up with my mom's encouragement before each exam: "Just try your best. The grade doesn't matter - what matters is that you tried your best." This encouragement led my sister and me to fall in love with the joy of learning, rather than crumbled by the pressure of achieving. Without my parents ever telling my sister to *"get good grades"* or *"be more like your studious friend,"* my sister graduated high school with one of the highest grades. It took me years to realize that by encouraging us to "try our best," rather than comparing us to others, my parents taught us the lifelong skill of enjoying learning.

Similarly, I remember my dad saying, "Wow, this person is a strong youth leader in *satsang* - you should connect with them, because I see you as a leader in the future too." Years later, I really appreciate how his wording wasn't *"You should be more like them"* or *"Why aren't you like them?"* Instead, his wording was so positive: "You can use this leader as a role model and be inspired by them." I think he figured out the solution to comparison! Instead of wishing for our kids to be different, we can give them a positive role model and uplift them to be inspired.

My dad may have learned this beautiful idea from Sant Bhagwant Sahebdada. Sahebdada has also guided me to stay connected with specific youth and to be inspired by them as role models. In my spiritual journey, I've never felt that Sahebdada has compared me to anyone else. As I've heard multiple times in *satsang*: "There is no room for competition and comparison in our spiritual journeys."

Sahebdada says that everyone has a strength that they are good at. That's the purpose of camps and *samaiyas* - to inspire our kids to learn what their God-given talent is and showcase it. Our kids and loved ones have their own strengths too, and encouraging them will inspire them to grow into happy, healthy adults who feel confident in their abilities.

As the monk Gaur Gopal Das shared, "London is 5 hours ahead of New York. That doesn't mean London is ahead. That doesn't mean New York is behind. They are both going at exactly the right time for them. Your time, too, will come." May we have the patience to believe in the unique strengths our kids bring to this world, knowing that their time to succeed will come. And may we firmly believe that because God handcrafted each of us, we are all irreplaceable and absolutely incomparable. ◆

# ભગવાનનાં દિવ્ય ચૈતન્યો

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**સદ્‌ગુરુ** સાધુ પૂ. મનોજદાસજીએ એકવાર એક બહુ સરસ ઉદાહરણ જણાવ્યું હતું. મને આશા છે કે, તેઓએ જેટલી સ્પષ્ટતાથી તે પ્રસ્તુત કર્યું હતું, એટલી સારી રીતે હું પણ જણાવી શકીશ. જો કે, તેઓની વાતનો સાર કંઈક આવો હતો : કલ્પના કરો કે, તમે સિનેમા હૉલમાં એક ફિલ્મ જોઈ રહ્યા છો કે જેમાં ખલનાયકનું પાત્ર હ્રિતિક રોશન, શાહરૂખ ખાન અથવા તમે જેમના પ્રશંસક છો તેવા કોઈ અન્ય અભિનેતા ભજવી રહ્યા છે. ફિલ્મ પત્યા પછી જ્યારે તમે થિયેટરની બહાર નીકળો અને ત્યારે ફિલ્મનો તમારો એ પ્રિય અભિનેતા સાચે જ ત્યાં હોય તો પછી તમે શું કરો ?

મને લાગે છે કે, તમે એકદમ રોમાંચિત થઈને તેમની પાસે દોડી જાઓ અને તેમની સાથે સેલ્ફી લેવા માટે પૂછો. પરંતુ, અહીં લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે, ફિલ્મમાં તેમનાં ખલનાયક જેવાં કૃત્યો માટે તમે તેમની પર ગુસ્સે કેમ નથી થતા ? શા માટે હ્રિતિક રોશન અથવા શાહરૂખ ખાન પર બરાડવાનું તમે ચાલુ નથી કરી દેતા ? આમ તો તેઓએ એક દુષ્ટ પાત્રની જ ભૂમિકા ભજવી હતી ને !

જવાબ સ્પષ્ટ છે : **કારણ કે, તેઓ તો માત્ર તે પાત્રની ભૂમિકા જ ભજવી રહ્યા હતા**; વાસ્તવમાં તેઓ કંઈ એવા વ્યક્તિઓ નથી. અભિનેતાઓ તો ફક્ત લેખક દ્વારા લખાયેલ ને દિગ્દર્શક દ્વારા નિર્દેશિત પાત્રનો વેશ ભજવી રહ્યા હતા.

તેવી જ રીતે, આપણા જીવનમાં આવનાર **દરેક વ્યક્તિ પણ શ્રેષ્ઠ પટકથા લેખક અને દિગ્દર્શક–ભગવાન દ્વારા લખાયેલ ભૂમિકા જ માત્ર ભજવી રહ્યા હોય છે.** જ્યારે આપણાં બાળકો આપણને હેરાન કરે છે, ચીડ ઉપજાવે છે અથવા આપણું કહ્યું નથી કરતાં, ત્યારે તે ક્ષણે તેમને ભગવાન દ્વારા ફક્ત આ જ ભૂમિકા સોંપવામાં આવી હોય છે. આવો દૃષ્ટિકોણ કોઈ પણ ઉંમરનાં બાળકો માટે અને સહકાર્યકરો, મિત્રો ને અન્ય પ્રિયજનો માટે પણ લાગુ પાડી શકાય છે.

જ્યારે આપણે સ્વીકારીએ કે, ભગવાને જ દરેક વ્યક્તિ માટેના સંવાદો અને ક્રિયાઓની સ્ક્રિપ્ટ લખી છે, ત્યારે આપણે એવું માની શકીએ છીએ કે, દરેક વ્યક્તિ ફક્ત કોઈ ને કોઈ પાત્રની ભૂમિકા ભજવી રહ્યા છે. જો ભગવાન જ દરેક વ્યક્તિને દોરી રહ્યા હોય તો હવે કોઈનીય ખામી–ત્રુટિ જોવી મુશ્કેલ બની જશે. અને આ રીતે આપણે નિર્દોષબુદ્ધિનો સિદ્ધાંત–સૌ દિવ્ય ને દોષરહિત છે તેનું પાલન કરી શકીશું.

આ બહુ અગત્યનો બોધ છે. પરંતુ, આપણાં બાળકોને ભગવાનનાં ઈન્સ્ટ્રુમેન્ટ્સ માનવા પાછળનો હેતુ શું છે ?

જ્યારે આપણું બાળક આપણી લાગણીઓ દુભવે, આપણી સામે બોલે, ઉદ્ધતાઈથી વર્તે, આપણો અનાદર કરે, જૂઠું બોલે અથવા આપણું કહ્યું ના માને ત્યારે સ્વાભાવિક રીતે આપણે ગુસ્સે થઈએ છીએ અથવા દુ:ખ અનુભવીએ છીએ. જો કે, આપણો આવો ઉદ્વેગ ઘણીવાર બાળકના વર્તનમાં કોઈ યોગ્ય પરિવર્તન લાવવાને બદલે નિરર્થક પ્રતિક્રિયાઓ તરફ દોરી જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આવા સમયે કોઈ પ્રતિભાવ આપવાને બદલે સમતા રાખીએ, તો આપણે આપણાં બાળકોને હવે પછી વધુ સારું વર્તન કરવાની રીત શીખવી શકીએ.

પ્રસંગે સમતા રાખવાના આ સિદ્ધાંતની કસોટી વર્ષો પહેલાં પિયોરિયા ઘરમંદિરના પાટોત્સવ દરમિયાન થઈ. હું અને મારી બહેન ઠાકોરજીની પિછવાઈ બદલીને અમારાં માતા-પિતાને અચંબિત કરવા માંગતાં હતાં. કાર્યક્રમ શરૂ થવાની પંદર મિનિટ પહેલાં મારાં માતા-પિતા અમને જોવા માટે આવ્યાં અને આશ્ચર્ય પામ્યાં – પણ સારી રીતે નહીં ! કારણ, સુશોભન માત્ર અડધું જ પૂરું થયું હતું અને થોડા સમયમાં તો ભક્તો આવવાના ચાલુ થઈ જવાના હતા.

પહેલાં તો ઘણું કામ હજી બાકી છે તે જોઈને ગભરાઈ ગયેલાં મારાં માતા-પિતાએ તરત જ સાહેબજીની શીખને યાદ કરી અને મારા ને મારી બહેનમાં રહીને ભગવાન કામ કરી રહ્યા છે તેવો તેમનો દૃષ્ટિકોણ કરી દીધો. અમને બેદરકાર અથવા અણઘડ બાળકો માનવાને બદલે અમે ભગવાનનાં કાર્યનાં ઈન્સ્ટ્રુમેન્ટ છીએ એવું માનીને તેઓ સમતામાં રહ્યાં અને સમસ્યાના ઉકેલમાં અમારી સાથે રહ્યાં, ને એ છેલ્લી કઠિન ઘડીઓમાં અમને સુશોભન પૂરું કરવામાં મદદ કરી. જો તેઓએ ગુસ્સે થઈને કોઈ પ્રતિક્રિયા આપી હોત, તો પણ અમે સુશોભન તો પૂરું કરી દીધું હોત, પરંતુ, તે એકજુટ થઈને ના થયું હોત, ગમે તેમ પૂરું થયું હોત. સાહેબજીએ આપણાં માટે જે આદર્શ સ્થાપ્યો છે તે રીતે મારાં માતા-પિતા અમારી સાથે પ્રેમપૂર્વક વર્ત્યાં.

આવી નિર્દોષબુદ્ધિ આપણાં જીવનમાં સદાય જળવાઈ રહે તે માટે પૂ. મનોજદાસજીએ આપણને દરરોજ આ પ્રાર્થના સાથે ૩૦ મિનિટ ધૂન કરવા માટે પ્રેરણા આપી છે કે, 'હે પ્રભુ ! આપ આખો દિવસ મારી સાથે રહેજો. મને પ્રેરણા આપજો અને મારાં વિચાર, વાણી અને વર્તનમાં આપ પ્રગટ રહેજો ! જે કોઈ પણ આજે મારા સંપર્કમાં આવે, તો કૃપા કરીને તેમનાં વિચાર, વાણી અને વર્તનમાં પણ આપ પ્રગટ રહેજો.' આપણી આસપાસનાં લોકોનાં વિચાર, વાણી અને વર્તનમાં ભગવાન હાજર રહે તે માટે પ્રાર્થના કરીએ છીએ, તો કોઈ આપણને જ્યારે કંઈ જુદો પ્રતિભાવ આપે ત્યારે આપણે એવું સ્વીકારીએ કે, તેઓ દ્વારા ભગવાન બોલી રહ્યા છે. અને જો કોઈ પ્રેમાળ હોય તો આપણે માનીએ કે, તેઓ દ્વારા ભગવાન આપણી પર પ્રેમ વરસાવી રહ્યા છે.

દરેક વ્યક્તિમાં ભગવાન જુઓ–આ સિદ્ધાંતને મારા જીવનના આચરણમાં મૂકવા અને ખાસ કરીને મારા સ્વજનોમાં કે જેમના માટે આ સિદ્ધાંત સહજ વિસરાઈ જતો હોય છે તેઓમાં ભગવાન જોઈ શકું તેવી અભીપ્સા સેવું છું. સાધનામાર્ગે ચાલતા આપણે સૌ સાધકો એકબીજાને ભગવાનનાં દિવ્ય ચૈતન્યો માનવાના લક્ષ્યની પ્રાપ્તિ માટેની પ્રાર્થના સાથે રોજ આપણા દિવસનો પ્રારંભ કરીએ. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'–જાન્યુઆરી, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ સ્નેહાલી પટેલ (યુ.એસ.એ.)

*બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સાધના કરવામાં ગુરુઆજ્ઞાનું પાલન જીવનદોરી રૂપ અમોઘ સાધન છે. વળી, ઈસવીસન ૨૦૨૫નું વર્ષ 'ગુરુઆજ્ઞા મહિમા પર્વ' તરીકે ઊજવીએ છીએ ત્યારે પોતાના જીવનમાં ગુરુની આજ્ઞાનાં પાલનથી જે દિવ્ય અનુભવ થયા હોય તેના વિશેના લેખ 'બ્રહ્મનિર્ઝર'માં પ્રકાશિત કરવાનાં માર્ગદર્શન સદ્દગુરુ સંતો પાસેથી પ્રાપ્ત થયાં. તદ્અનુસાર આ વર્ષનો પ્રથમ લેખ અત્રે સમાવ્યો છે.*

૨૦ જૂન, ૧૯૮૬ના રોજ અમે અમૅરિકા દેશની ધરતી પર પગ મૂક્યો ત્યારે અનુભૂતિ કોઈક અજાણ્યા દૂર દેશમાં આવી પડ્યાં હોઈએ તેવી હતી. ૨૦ વર્ષની કાચી ઉંમરે લગ્ન કરીને પુષ્પાબા-હરિહરદાદાના ઘરે આવ્યાં. વડીલોના આશીર્વાદ, માતા-પિતાના સંસ્કાર, પિતાજી ઘનશ્યામભાઈની ગુરુહરિ સાહેબદાદા તથા પ.પૂ. વી. એસ.દાદા સાથેની મિત્રતાના સંબંધે ગુરુહરિ સાહેબદાદાએ પ્રેમથી જેવાં હતાં તેવાં સ્વીકાર્યાં અને પોતાની છત્રછાયા આપી.

અમૅરિકા દેશમાં અમારાં બાળકોને આપણા સંસ્કાર કેવી રીતે મળશે? અહીં જન્મી ઊછરતાં બાળકોનું ભવિષ્ય કેવું હશે ? તે વર્ષોમાં અમને આવા પ્રશ્નો થતા. ગુરુહરિ સાહેબદાદાએ અમારો હાથ પ.પૂ. શાંતિદાદાને સોંપ્યો ત્યારથી અંતરમાં એક હાશ હતી કે, સાહેબદાદાના આશીર્વાદ અને શાંતિદાદાની પ્રાર્થનાનું બળ ને સહારો છે ને હંમેશાં રહેશે ! જ્યારે અમારાં બાળકો નાનાં હતાં ત્યારે ગુરુહરિ સાહેબદાદાએ અમ માતા-પિતાને સભામાં વાત કરી કે, 'તમારાં બાળકો તમે કહેશો એ નહીં કરે, તમે કરશો એ જ કરશે, માટે તમે સંતો અને મંદિર સાથે જોડાયેલાં રહેજો.' ત્યારે સાવ સામાન્ય લાગતું સૂચન કે આજ્ઞાએ અત્યારે અમારાં જીવનમાં બહુ મોટું કામ કર્યું છે. અમારાં બાળકો માટે ગુરુહરિ સાહેબદાદાએ, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. હર્ષદદાદા અને સૌ સંતોએ દેહનો ખૂબ ભીડો વેઠયો છે, જેનાં અમે ૪૦ વર્ષથી સાક્ષી છીએ. અમારાં બાળકો માટે ઍલનટાઉનમાં મંદિર બનાવી શ્રી ઠાકોરજી અને સંતોનું સાંનિધ્ય મળે તેવું ગોઠવી આપવું તે એમની જ કૃપા ! મંદિર સાથે જોડાઈ રહીએ તેમજ અમારા સ્વભાવોથી ઉપર ઊઠીએ તે માટે અનંત જનની સમ પ્રેમ કર્યો. આમ, જોડેલાં એમણે જ રાખ્યાં. એનાથી અમારાં બાળકોનાં જીવનમાં શું થયું છે તેની શરૂઆત મારા દીકરા ચિરવના પોતે લખેલા અનુભવથી કરું છું. ચિરવની સંમતિથી એનો લખેલ અનુભવ નીચે પ્રમાણે છે. (ચિરવની ઉંમર-૧૬ વર્ષ)

Param Pujya Sahebdada has been a part of my life ever since I was born. The influence he has had on my life has made a big impact on it. When I was a young boy in elementary school, kids would make fun of me because of my race. P.P. Sahebdada came to my house one winter (the first I remember). He told me to ignore these rude remarks by classmates. Instead of arguing or fighting back, he told me to do Dhun. Ever since that my first meeting with P.P. Sahebdada never once have I been sent to detention or got on in trouble, for saying or doing something negative. To this day I stay positive. I have seen some of my friends follow my methods of ignoring rude remarks; and just walking away. P.P. Sahebdada has not only helped me stay out of trouble at school but he has also helped me become strong spiritually. Whenever I get free time any day of the week, I will do dhun. I consider myself very lucky, and very blessed to have met P.P. Sahbdada, and to have him in my life for the rest of my life!

Jay Swaminarayan !

P.P. Sahebdada Pragatya Din, 5th April 2008. Gettysburg, PA

આ દીકરો ૧૭ વર્ષે એટલે કે, સન ૨૦૦૯માં હાઈસ્કૂલ પૂરી કરીને કૉલેજમાં ભણવા ગયો. કૉલેજના પહેલા વર્ષમાં સાથે ભણતા કોઈક મિત્રએ બે વખત કહ્યું કે, 'ચાલ પાર્ટીમાં જઈએ.' કૉલેજની પાર્ટીમાં ઘણા બધા છોકરાઓ હતા. જ્યાં એવું ખાવા-પીવાનું હતું કે જે ભગવાન અને ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ લઈ જાય. પરંતુ, બંને વખત ચિરવ તે જોઈને ત્યાંથી નીકળી જ ગયો. ચિરવ કહે છે કે, 'મેં મારા મિત્રને કહ્યું કે, This is not for me !' બંનેવાર એના નીકળ્યા પછી પાર્ટીમાં પોલીસ આવી અને ૨૧ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને ત્યાથી લઈ ગયાં અને આ ગુનાની ફરિયાદ નોંધાઈ-જે પોલીસ રૅકોર્ડમાં કાયમી રહે. જ્યારે ચિરવે ઘરે આવીને વાત કરી ત્યારે તો અમને ખબર પડી. પણ છેલ્લે તે બોલ્યો કે, 'મદ્યપાન કરવાની આપણા ભગવાનની મનાઈ છે માટે તે આપણા માટે વર્જિત જ છે !' મને વિચાર આવ્યો કે, સંતોએ આ બાળકોને પ્રેમ આપી તેમના જીવનમાં કેવા અદ્ભુત સંસ્કાર સીંચ્યા છે !' જ્યારે ચિરવ ભણવા ગયો ત્યારે અમે એને એમ કહ્યું હતું કે, કંઈ પણ કરે તો વિચાર કરજે કે આ સાહેબદાદાને ગમશે? સાહેબદાદાને નહીં ગમે તે નથી કરવું ! અને તેવી જ આજ્ઞા સંતોએ પણ કરી હતી. 'આજ્ઞા ભેળી મૂર્તિ આવે' એ કાયદે ચિરવના જીવનમાં કામ થયું. ગુરુહરિ સાહેબદાદાએ અસભ્ય ઈચ્છાનાં મૂળ જ કાઢી દીધાં. એવા ગુરુહરિના અમે જન્મોજન્મ ઋણી છીએ અને રહીશું.

વંદન સહ જય સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ થી ૬ જાન્યુઆરી, બુધવારથી સોમવાર...** સારવાર બાદ ડૉક્ટરોની સલાહ મુજબ 'ઉપાસના'માં આરામ કરી નિરામય સ્વાસ્થ્યલાભ પ્રાપ્ત કર્યો તેમજ 'ઉપાસના'ના પ્રાંગણમાં 'શરણમ્'માં નિત્ય સવાર-સાંજ બિરાજીને સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમ-ગોષ્ઠિ-આશીર્વાદનું સુખ આપ્યું.

**૭ જાન્યુઆરી, મંગળવાર...** બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજની સ્મૃતિમાં 'યોગીપ્રસાદ'માં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને યુ.એસ.એ. મંદિરના મહંત સાધુ પૂ. જયેશદાસજી યુ.એસ.એ.માં સત્સંગ વિચરણ કરીને પધાર્યા, તેઓનું સ્વાગત કર્યું. ડૉ. પાર્થિવભાઈની સેવા-ભક્તિને બિરદાવી, તેઓનું સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૮ જાન્યુઆરી, બુધવાર...** 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં સાંજે વ્રતધારી સંત ભાઈઓની સભામાં સૌને આશીર્વાદ આપ્યા.

**૯-૧૦ જાન્યુઆરી, ગુરુવાર-શુક્રવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૧ જાન્યુઆરી, શનિવાર...** અનુપમ સ્વજન યોગેન્દ્રભાઈ-મીનુબહેનના 'નિજાનંદ' રિસૉર્ટમાં યોજેલ ઊંધિયા ઉત્સવમાં પધાર્યા. ત્યાં કીર્તનભક્તિનો આનંદ માણી, મોટી સંખ્યામાં પધારેલ સમાજનાં વિવિધ ક્ષેત્રના અગ્રગણ્ય અક્ષરમુક્તોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ જાન્યુઆરી, રવિવાર...** સવારે સૌ સંતો સાથે 'ઉપાસના'માં અલ્પાહાર લીધો. ત્યારબાદ સંતોની સભામાં પોષીપૂનમ પર્વ નિમિત્તે આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે પૂજન-હાર-આશીર્વાદ અર્પણ કર્યાં. સાધુ પૂ. હરેશદાસજી ઝાટકિયાનાં માતુશ્રી પૂ. મુક્તાબા અક્ષરધામ પધાર્યાં હોવાથી 'નૈમિષારણ્ય' પાસે યોજેલ અંતિમવિધિમાં પધારી પુષ્પાંજલિ અર્પણ કરી સૌને બળ પૂરું પાડ્યું.

**૧૩ જાન્યુઆરી, સોમવાર...** પોષીપૂનમની મંગલ સવારે મંદિરજીની પંચમ પાટોત્સવ વિધિમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ નૂતન દીક્ષાર્થીઓની દીક્ષાવિધિમાં તેમજ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાદિન, અનુપમ વ્રતધારી સાધુઓના વ્રતધારણ દિન નિમિત્તેની ઉત્સવસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ જાન્યુઆરી, મંગળવાર...** ઉત્તરાયણ અને ઝોળી પર્વ નિમિત્તે સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોએ ઝોળી અર્પણ કરી, તેઓને આશીર્વાદ આપ્યા.

**૧૫ જાન્યુઆરી, બુધવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે યુ.કે. પરત પધારતા સાધુ પૂ. હિંમત સ્વામીજી અને પૂ. પંકજદાસજી નકારજાને વિદાયવેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. ઉત્તરાયણ પર્વ નિમિત્તે સાંજે સંતો-ભક્તો સાથે 'નૈમિષારણ્ય'ના 'સી' બ્લૉકની અગાસી ઉપર પધારી સૌને આનંદબ્રહ્મ કરાવ્યો.

**૧૬ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. રાત્રે ગુરુસભામાં સાધુ પૂ. કેયૂરદાસજી અને પૂ. તુષારદાસજીના પ્રાગટ્યદિન નિમિત્તે 'સૂરતાલની સંવાદિતા' કાર્યક્રમમાં પધારી સંગીત સાથે કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો.

**૧૭ જાન્યુઆરી, શુક્રવાર...** સાંજે 'પારમિતા' સભાખંડમાં બિમલભાઈ શેઠ-પૂજાબહેનની દીકરી ચિ. સહેલી અને મનોજભાઈ પટેલ-હિનાબહેનના દીકરા ચિ. મિતકુમારના 'સાત પગલાં પ્રભુતામાં' કાર્યક્રમમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ સૌ ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૧૮ જાન્યુઆરી, શનિવાર...** સાંજે મંદિરજીના પ્રાંગણમાં ચિ. સહેલી-ચિ. મિતકુમારની લગ્નવિધિમાં પધારી નવદંપતીને તેમજ પરિવારના સૌ ભક્તોને આશીર્વાદનું સુખ આપ્યું.

**૧૯-૨૦ જાન્યુઆરી, રવિવાર-સોમવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૧ જાન્યુઆરી, મંગળવાર...** ગુરુહરિ સાહેબદાદાની અમેરિકામાં કરાવેલ હૃદયની સર્જરીને આજે ૧૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી સૌ સંતો-ભક્તોનાં અભિવાદન કર્યાં. આજે પૂ. ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)ના જન્મદિવસ નિમિત્તે તેઓનાં મહિમાગાન કરી સૌ સંતોએ આશીર્વાદ આપ્યા.

**૨૨ જાન્યુઆરી, બુધવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૩ જાન્યુઆરી, ગુરુવાર...** ગુરુદેવ યોગીજી મહારાજના ૫૫મા નિર્વાણતિથિ પ્રસંગે મંદિરજીમાં પધારી શણગાર આરતી અર્પણ કરવાનો લાભ લીધો. ત્યારબાદ કીર્તન-ભક્તિ, પ્રાર્થના, પુષ્પાંજલિ અર્પણ કરીને સભામાં આશીર્વાદ આપ્યા. 'શ્રી હરિ અભિષેક મંડપ' પાસે પ્રાસાદિક આમ્રવૃક્ષની કલમનું વાવેતર પાર્ષદી સંતો પાસે કરાવ્યું. અને ધૂન પ્રાર્થના-પુષ્પાંજલિ અર્પણ કર્યાં. 'શ્રી હરિ અભિષેક મંડપ'માં અભિષેક કરી યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ ધૂન-પ્રાર્થના કરી. સાંજે 'વર્ણીકુંજ'માં ગુરુદેવ યોગીજી મહારાજના શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે આયોજિત 'ગુરુ આજ્ઞા-શિષ્યની જીવનદોરી' કાર્યક્રમ નિહાળી સૌને આશીર્વાદ આપ્યા.

**૨૪-૨૫ જાન્યુઆરી, શુક્રવાર-શનિવાર...** સવારે 'ઉપાસના'ના પ્રાંગણ 'શરણમ્'માં પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૬ જાન્યુઆરી, રવિવાર...** સવારે હરિધામ સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતો 'ઉપાસના'માં દર્શન માટે પધાર્યા. પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. 'પરિમલ'ના આંગણમાં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો.

**૨૭ જાન્યુઆરી, સોમવાર...** સદ્ગુરુ સાધુ પ.પૂ. શાંતિદાદાની સ્મૃતિમાં સવારે યોજેલ પ્રભાતફેરી 'ઉપાસના' પાસે પહોંચી ત્યારે સૌ સંતો-ભક્તોને દર્શન આપ્યાં. સવારે દુબઈ નિવાસી નયનકુમારના જન્મદિવસ નિમિત્તે 'ઉપાસના'માં તેમજ 'અક્ષરમહોલ'માં મહાપૂજામાં પધારી આરતી અર્પણ કરી અને સભામાં આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન કર્યાં. સાંજે પ.પૂ. શાંતિદાદાના દ્વિતીય નિર્વાણતિથિ સ્મૃતિ પ્રસંગે 'અક્ષરમહોલ'માં યોજેલ સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ જાન્યુઆરી, મંગળવાર...** 'ઉપાસના'ના 'સામીપ્ય'માં અનુપમ મિશન સંચાલિત 'નીલકંઠવર્ણી વિદ્યાલય'નાં બાળકોને માર્ગદર્શન અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૯ જાન્યુઆરી, બુધવાર...** સાંજે 'તીરથ ઑડિટોરિયમ'માં સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. સભા બાદ 'અક્ષરમહોલ'માં સંધ્યાઆરતીનાં દર્શન કર્યાં બાદ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો.

**૩૦ જાન્યુઆરી, ગુરુવાર...** 'ઉપાસના'ના 'સામીપ્ય'માં પધારેલ સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે અમદાવાદનાં થી પધારેલ કલ્પેશભાઈ-અમીબહેન વ્યાસના દીકરા ચિ. બિહાગનાં લગ્નની કંકોતરીનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. કેનેડાથી પધારેલ જય સુખડિયાને આશીર્વાદ આપ્યા. સાંજે જૂનાગઢ મંદિરના પૂ. ધર્મકિશોર સ્વામીજી, પૂ. જે.પી. સ્વામીજીનાં સ્વાગત કર્યાં તથા તેઓ દ્વારા અર્પણ કરવામાં આવેલ હાર અને શાલનો સ્વીકાર કરી તેઓ સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૩૧ જાન્યુઆરી, શુક્રવાર...** 'ઉપાસના'ના 'સામીપ્ય'માં સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ◆



**પ્રાસાદિક આમ્રવૃક્ષના વાવેતર પ્રસંગે સંતો સાથે ધૂન-પ્રાર્થના અર્પણ**

# સત્સંગ સમાચાર


## પોષી પૂર્ણિમા ઉત્સવ

સોમવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પુણ્યવંતા પોષીપૂર્ણિમાના મહામંગલકારી ઉત્સવને દેશ-વિદેશના સૌ સંતો-અક્ષરમુક્તોએ ભેગા મળી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે પરમ ભક્તિભાવે ઊજવ્યો. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના વ્રતધારી સંતોનો વ્રતધારણ દિન અને નૂતન મંદિરજીની મૂર્તિઓના પંચમ પાટોત્સવના આ ત્રિવેણી પર્વમાં સૌએ અલૌકિક સત્સંગલાભ મેળવ્યો અને દિવ્યસ્મૃતિઓ હૃદયસ્થ કરી.

સવારે સૌ સંતો-ભક્તો નિજમંદિરમાં તથા 'અક્ષરમહોલ'માં એકત્રિત થયા અને શ્રી ઠાકોરજી સમક્ષ ધૂન-કીર્તન-સ્તોત્રમનાં ગાન કરી પ્રાર્થનાઓ ધરી. સૌના ભાવ ઝીલી સંતભગવંત સાહેબજી સંતો સાથે નિજમંદિરમાં ગર્ભગૃહમાં મૂર્તિ સમક્ષ પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં પ્રધાન આચાર્યપદ અને માર્ગદર્શન અનુસાર સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. સરજુદાસજીએ સુંદર પાટોત્સવ પૂજનવિધિ કરાવી. શ્રી સહજાનંદ સ્વામીજીનાં પૂજન સંતભગવંત સાહેબજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનાં પૂજન પૂ. અશ્વિનદાદા અને શ્રી ગોપાળાનંદ સ્વામીજીનાં પૂજન પૂ. મનોજદાસજીએ તેમજ શ્રી શાસ્ત્રીજી મહારાજનાં પૂજન પૂ. દિલીપદાસજી અને શ્રી યોગીજી મહારાજનાં પૂજન પૂ. વાસુદેવદાસજીએ કર્યાં. 'અક્ષરમહોલ'માં પૂ. રતિદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. દિનકરદાદા (યોગી ડિવાઈન સોસાયટી, શિકાગો) અને સંતો દ્વારા પાટોત્સવ પૂજન થયાં.

ત્યારબાદ શ્રી ઠાકોરજીને શણગાર અર્પણ થાય અને પુનઃ દર્શન પ્રાપ્ત થાય તે દરમિયાન અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનોએ અત્યંત મધુર અને ભાવવાહી કીર્તનોનાં ગાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ પ્રાસંગિક આશીર્વાદ આપતાં કહ્યું, "આજે ગુણાતીત દીક્ષાનો મહામંગલકારી દિન! દેહભાવથી પર થવું એ ગુણાતીતભાવ છે. એ પામવા આપણે સેવા, ભક્તિ અને સાધના કરી રહ્યા છીએ. યોગીબાપાએ સન ૧૯૬૬માં અમને મંત્રદીક્ષા આપી અને કાકાજી-પપ્પાજીએ સન ૧૯૬૭માં પોષીપૂનમના રોજ સંકલ્પ કરી વ્રતધારણ કરાવ્યું. વિચાર, વાણી અને વર્તનથી આજીવન સમર્પિત થઈ ભગવાનને રાજી કરવા જ જીવવું એ આપણી ભક્તિ છે. આજે મંદિરની મૂર્તિઓનો પાંચમો પાટોત્સવ! ત્યારે સંકલ્પ કરીએ કે, પ્રાપ્તિ મોટી થઈ છે તો તેને માણીએ ! તે માટે ભગવાનનો સર્વોપરીભાવે આશરો રાખવો અને ભગવાન જેઓમાં પ્રગટ છે એવા સત્પુરુષની આજ્ઞામાં રહી સંતો-ભક્તોની સેવા કરવી." શ્રી ઠાકોરજીનાં દર્શન ખૂલતાં છડીનાં ગાન અને ઘંટારવ સાથે સૌ સંતો-ભક્તોને પાટોત્સવ આરતી અર્પણ કરવાનો દિવ્ય લાભ પ્રાપ્ત થયો. ત્યારબાદ શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યો.

ત્યારબાદ 'વણીકુંજ'માં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. અત્યંત કૃપા કરીને સંતભગવંત સાહેબજી નિજઆસને બિરાજ્યા. પોષીપૂનમના અત્યંત પવિત્ર પર્વે સંતભગવંત સાહેબજીના દિવ્ય પ્રેમમાં ભીંજાઈ ત્રણ યુવાનોનાં હૈયે સાંસારિક બંધનોથી અનાસક્ત રહી બ્રહ્મભાવ પામવાના કોડ જાગ્યા. આ ત્રણ યુવાનો-વેમાર નિવાસી અસ્મિતાબહેન-યોગેશભાઈ મોનપરાના સુપુત્ર પૂ. સ્મિતભાઈ, વેમાર નિવાસી



બ્રહ્મજ્યોતિ, મોગરીના મંદિરજીની મૂર્તિઓના પંચમ પાટોત્સવની આરતી અર્પણ



નવદીક્ષિત સંતોને સાહેબજીનાં આશીર્વાદ



આશીર્દાન : પૂ. અશ્વિનદાદા



પૂ. નિર્મળ સ્વામીજી



પૂ. દિનકરભાઈ

હેમલતાબહેન-ઠાકોરભાઈ પટેલના સુપુત્ર પૂ. રોનકભાઈ અને ભીંગરાડ નિવાસી રીટાબહેન-સુરેશભાઈ માંગુકિયાના સુપુત્ર પૂ. કીર્તનભાઈએ સંતભગવંત સાહેબજીના શ્રીચરણે જીવન સમર્પિત કરવાના ભાવ ધર્યા, જેમાં સ્વાભાવિક જ તેમનાં માતા-પિતાએ ખૂબ બળ, સંસ્કાર અને પ્રોત્સાહન પ્રદાન કર્યાં.

સંતભગવંત સાહેબજીના આશરે રહી, હૃદય ભગવાં કરવા રૂપી જીવનસાધના કરવા યોગીઆજ્ઞા રૂપ મંત્રદીક્ષા ગ્રહણ કરનાર ત્રણેય દીક્ષાર્થીઓનાં ભવ્ય સ્વાગત કરાયાં. તેઓને સુશોભિત રથમાં બિરાજમાન કરી વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને સંતો સંતભગવંત સાહેબજી સમક્ષ દોરી લાવ્યા. આ સ્વાગતયાત્રામાં અનુપમ મિશનના યુવાનોએ ઝંડા લહેરાવી, પુષ્પો પધરાવી અદ્‌ભુત સ્વાગત કર્યાં અને તેઓનાં આ સમર્પણને વધાવ્યાં. ત્રણેય દીક્ષાર્થી યુવાનો મંચ પર સંતભગવંત સાહેબજીની સન્મુખ બિરાજ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સંતોની વ્રતધારણ વિધિ કરાવી. નૂતન દીક્ષાર્થીઓ અને તેઓનાં માતા-પિતાને પૂજન, નાડાછડી અને ખેસ અર્પણ કરી સંતોએ ધન્યભાવ ધર્યા. ત્રણેય દીક્ષાર્થીઓએ પ્રભુ અને ગુરુ પ્રત્યે પ્રામાણિક સમર્પણના ઉમદા સંકલ્પ કરી, બળ યાચી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કર્યો. માતા-પિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી નૂતનમાર્ગે અડગ રહી વફાદારીપૂર્વક ચાલવાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ ત્રણેય સંતોને ગુરુમંત્ર આપી દીક્ષિત કર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ કંઠી અને માળા અર્પણ કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પૂજા અને અનુપમ મિશનના બેજ અર્પણ કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ પ્રસાદ અર્પી આશીર્વાદ પાઠવ્યા.

ત્યારબાદ યોજાયેલ પોષીપૂનમ-માહાત્મ્યદર્શન સભામાં હરિધામ, સોખડાથી પૂ. નિર્મળ સ્વામીજી, પૂ. દાસ સ્વામીજી, પૂ. સંત સ્વામી અને સંતો તેમજ પૂ. દિનકરભાઈ, શ્રી યોગી ડિવાઇન સોસાયટી-પવઈથી પૂ. વશીભાઈ અને સંતો, ગુણાતીત જ્યોતથી વ્રતધારી સંતો આદિ સૌ પધાર્યા. સભા આરંભે સભાસંચાલક સાધુ પૂ. પીટરદાસજીએ અદ્‌ભુત પ્રાસંગિક મહિમા ગાયો. શ્રી ઠાકોરજી અને મંચસ્થ સંત સ્વરૂપોનાં પૂજન-પુષ્પાર્પણ થયા બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં સંતભગવંત સાહેબજીએ આપેલ સૂત્ર 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુ પ્રસન્નતા !'ની સ્મૃતિ કરી જણાવ્યું કે, આજે દીક્ષા લેનાર ત્રણેય યુવાનો સંતોના અને મંદિરના યોગમાં રહીને સેવાપ્રવૃત્ત



પોષીપૂર્ણિમા માહાત્મ્યદર્શન સભામાં સંતભગવંત સાહેબજીનાં દિવ્ય આશીર્દાન

હતા, તો તેમનાં હૈયાંમાં સમર્પણભાવના જાગી; આ સંગનો પ્રતાપ છે. યુવાહૈયાં ભગવા રંગે રંગાઈ જાય અને તેનો કેફ-મસ્તી સદાય અકબંધ રહે તેવી પ્રાર્થના કરી.

આ પ્રસંગે અનુપમ સૂરવૃંદના ૮ સંતોએ ૮ કીર્તનોનો સંપુટ 'પ્રાર્થના પરિમલ' સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ધર્યો, જેનું મુકતાર્પણ પૂ. નિર્મળ સ્વામીજીએ કર્યું. વિશ્વપ્રસિદ્ધ ગાયક ભક્તરત્નો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેન દ્વારા ગવાયેલ કીર્તન આલ્બમ 'પરમ પવિત્ર મંગલમ્ સાહેબજી'નાં મુકતાર્પણ પૂ. દિનકરદાદાએ કર્યાં.

નૂતન દીક્ષાર્થીઓનાં સમર્પણને બિરદાવી પૂ. નિર્મળ સ્વામીજીએ સુંદર આશીર્વાદ પાઠવ્યા. તેઓએ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અપાર મહિમાને ગાયો અને સૌને પ્રાપ્ત ગુણાતીત સ્વરૂપમાં સર્વ પ્રકારે જોડાવા પ્રેરણા આપી. ત્યારબાદ પૂ. દિનકરદાદાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. મંચ પર સુશોભિત આશિષ વાક્ય – 'તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' તે સૌનાં જીવનમાં ચરિતાર્થ થાય તેવા આશીર્વાદની યાચના કરી. આશીર્વાદ વરસાવતાં સંતભગવંત સાહેબજીએ કહ્યું કે, "ગુણાતીતભાવને પામેલા સાધુ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, તેમની આજ્ઞા પાળીએ અને તેમના ભક્તોની મન-કર્મ-વચને નિર્દોષબુદ્ધિ સાથે સેવા કરીએ તો આપણું જીવન ધન્ય થઈ જાય. કોઈનીય ખટપટ, માથાકૂટ કે અભાવમાં ના પડીએ તો અંતરથી આસક્તિ છૂટી જાય." ગુરુમાં જોડાઈ, સૌને નિર્દોષ માની આત્માનાં કલ્યાણ કરવા તેઓએ સુંદર સમજ આપી. ધ્યેયમંત્રનાં ગાન કરી સૌ ગુણાતીતભાવના ચરિતાર્થ કરવાના માર્ગે બળ મેળવી વિસર્જિત થયાં. ◆

## ઝોળી પર્વ

'સ્વામિનારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો !'ના નાદ સાથે સંતોએ સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫, મકરસંક્રાંતિના શુભ દિવસે શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજની સ્મૃતિ સહિત યુવાન કાર્યકરો સાથે મળીને ભક્તોના ઘરે ઘરે પધારી ઝોળી સ્વીકારવાની ભક્તિ વહાવી. ભક્તોએ પણ સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવ સાથે ધન, ધાન અર્પણ કરી સંતોની ઝોળી છલકાવી દીધી. સદ્‌ગુરુ સંતોએ પણ ઝોળી ઉઘરાવવાના ભક્તિયજ્ઞમાં જોડાઈ અનેરી સ્મૃતિઓ આપી. સૌ ભક્તોએ ઘરે પધારેલ સંતોની ઝોળીમાં પ્રભુ અને ગુરુને રાજી કરવાની ભક્તિમાં આડા આવતા 'સ્વ'ના ભાવને અર્પણ કરવાનો ભાવ ધરી પ્રાર્થનાઓ કરી. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સવારે શણગાર આરતી બાદ સંતોએ 'અક્ષરમહોલ'માં એકત્ર થઈ ધૂન કરી, ઝોળીપર્વની સેવાનો આરંભ કર્યો. ઉપાસના ધામ – અમદાવાદ, વેમાર, ખારઘર, સુરત, માણાવદર તથા અનુપમ મિશનનાં બધાં કેન્દ્રોમાં પણ સંતો સાથે યુવાનો અને યુવતીઓએ ઝોળીપર્વમાં જોડાઈ ભક્તિ અદા કરી. પરદેશનાં કેન્દ્રોમાં પણ ભક્તોએ ઝોળી પર્વે શ્રી ઠાકોરજી અને સંતોને સેવાઓ અર્પીને ભક્તિના ભાવ ધર્યા. ◆

## ચૈતન્યજનની પ.પૂ. સોનાબા નિર્વાણદિન સ્મૃતિવંદના

ચૈતન્ય જનની પ.પૂ. સોનાબાના નિર્વાણદિન ૨૧ જાન્યુઆરીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સંતોની દિવ્ય સંનિધિમાં સવારે શણગાર આરતી બાદ તેઓના સમાધિસ્થાને સૌએ ભેગાં મળીને ભાવવંદના અર્પણ કરી. પ.પૂ. સોનાબાનાં માહાત્મ્યનાં કીર્તનોનાં શ્રવણ બાદ તેઓનાં પૂજન કરી પુષ્પહારરૂપી વંદના ધરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી પ.પૂ. સોનાબાના દિવ્ય ગુણાતીત નિરપેક્ષ પ્રેમની સ્મૃતિ કરી. અંતે સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી ભાવ-ભક્તિ અદા કરી. આ પ્રસંગે ઉપસ્થિત સંતો, સ્થાનિક ભક્તોએ પ.પૂ. સોનાબાનાં સમર્પણ, નિષ્ઠા, ગુરુભક્તિ અને પ્રેમની વિશેષ સ્મૃતિ કરી પ્રાર્થનાઓ ધરી. ◆

## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ નિર્વાણદિન સ્મૃતિવંદના

૨૩ જાન્યુઆરીએ શ્રી યોગી શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના મંદિરજીમાં શણગાર આરતી બાદ સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ સંનિધિમાં સૌ સંતો અને સ્થાનિક અક્ષરમુક્તોએ ભેગા મળીને પ્રાર્થના-ભક્તિ અર્પણ કરી. સંતોએ યોગીમાહાત્મ્યનાં કીર્તનોનું ગાન કર્યું. ગુરુદેવ યોગીજી મહારાજની સુવર્ણ મંડિત મૂર્તિને



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં યોગીબાપાના સ્મૃતિસ્થાને પ્રાસાદિક આમ્રવૃક્ષનું રોપણ

પુષ્પહાર અર્પણ કરી સાધુ પૂ. મનોજદાસજીએ સૌ વતી ભાવવંદના ધરી. યોગીબાપાની રેકોર્ડેડ પરાવાણીનાં શ્રવણ કરી સૌએ અદ્‌ભુત આધ્યાત્મિક ભાથું બાંધ્યું. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી સૌને યોગીજી મહારાજના અમૃત મહિમાસાગરમાં ભીંજવ્યા. અંતે, યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સૌએ હૃદયભાવ અર્પણ કર્યા. વર્ષો પૂર્વે યોગીબાપાએ પધારી જે આમ્રવૃક્ષ નીચે બિરાજી તપોભૂમિ બ્રહ્મજ્યોતિની ધરાને તીર્થત્વ આપ્યું હતું, તે પ્રાસાદિક આમ્રવૃક્ષના કાળક્રમે વિલય થયા. પરંતુ સદ્‌ગુરુ સંતોની કાળજીપૂર્વકની ભક્તિને પરિણામે તે આમ્રવૃક્ષની કલમ કરી નવા રોપ તૈયાર કર્યા હતા. આ પુનિત દિવસે મૂળ પ્રાસાદિક સ્થાને તેનાં વાવેતર કરી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ સ્મૃતિવંદના ધરી.

સાંજે ‘વર્ણીકુંજ’માં શ્રી યોગી સ્મૃતિ વાર્ષિક કીર્તન આરાધનામાં અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ વિશિષ્ટ ભક્તિ અદા કરી. ‘ગુરુઆજ્ઞા-શિષ્યની જીવનદોરી’ વિષય અનુસંધાને ગુરુદેવ યોગીજી મહારાજે યુવાન જશુભાઈ સાહેબને કરેલ અદ્વિતીય આજ્ઞાઓ અને તેનાં અનુપમ પાલનની ભક્તિગાથા વર્ણવી ગુરુ આજ્ઞાપાલનનાં માહાત્મ્યને અલૌકિક ઢબે પ્રસ્તુત કર્યું. ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ પધારી આ કીર્તન-ભક્તિનો લાભ લીધો અને સત્સંગસુખ મેળવ્યું. સંતભગવંત સાહેબજીના જ શ્રી મુખે ગુરુઆજ્ઞા અને તેનાં પાલનની પ્રિ-રેકોર્ડેડ ઐતિહાસિક વાતો સાંભળી સૌ ધન્ય થયાં. ◆

## ભારતના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

*** પ્રજ્ઞાનતીર્થ, મોગરી :** ભારતના ગૌરવવંતા ૭૬મા પ્રજાસત્તાક પર્વની અનુપમ મિશનના સંતો, વડીલ અક્ષરમુક્તોની નિશ્રામાં પ્રજ્ઞાનતીર્થ, મોગરી ખાતે ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવારે જોશવંતી ઉજવણી કરવામાં આવી. યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ અને સહજાનંદ કલાસાધના તીર્થના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા મહેમાનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરી પ્રજાસત્તાક પર્વ અનોખી ઢબે ઉજવાયો.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાની નિશ્રામાં ઈંગ્લૅન્ડના વિનુભાઈ નકારજા, સુરેન્દ્રભાઈ પટેલ, યોગેન્દ્રભાઈ પટેલ, અમૅરિકાના ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ તથા અનુપમ મિશનના સંતો, મહેમાનોની ઉપસ્થિતિમાં અતિથિવિશેષ અમદાવાદના વિખ્યાત પલ્મોનોલૉજિસ્ટ ડૉ. પાર્થિવભાઈ મહેતા દ્વારા તિરંગાને ગગનમાં ફરકાવવામાં આવ્યો, ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી.

ડૉ. પાર્થિવભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને અભિનંદન-શુભકામનાઓ પાઠવી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યા. ધોરણ-૯ની વિદ્યાર્થિની નિયતિ ચૌહાણે રાષ્ટ્રભક્તિથી સભર કરી દેતું પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના સૂરવૃંદ દ્વારા ‘વંદે માતરમ્’ રાષ્ટ્રવંદના કરી ઝંડાગીત તેમજ ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રગૌરવ કરાવતું સુંદર ગીતગાન કરવામાં આવ્યું. મિત્ર શાળાનાં દિવ્યાંગ ભૂલકાંઓએ પ્રાસંગિક નૃત્યસંયોજન તેમજ ધોરણ-૪થી ૮ના વિદ્યાર્થીઓએ વિશિષ્ટ નૃત્યસંયોજન દ્વારા ભારતની નૃત્ય વિરાસત પ્રસ્તુત કરી.



શ્રી યોગીસ્મૃતિદિન કીર્તન આરાધના દરમિયાન વિશિષ્ટ કીર્તનભક્તિ અર્પણ



પ્રજ્ઞાનતીર્થ, મોગરી ખાતે ભારતના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ગણતંત્ર દિનના આ મહાન પર્વે જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થીઓને અને અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના ટૅકનિકલ પરીક્ષા બૉર્ડમાં પ્રથમ ત્રણ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને 'ગુરુવર્ય પ.પૂ. જશભાઈસાહેબ સુવર્ણ જયંતી સ્મૃતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા. રાષ્ટ્રકક્ષાની ક્વિઝ પ્રતિયોગિતાના વિજેતા મિત્ર પુનર્વસન કેન્દ્રના વિદ્યાર્થી અને તાલુકાથી રાષ્ટ્ર કક્ષા સુધી સંસ્થાનો ગૌરવધ્વજ ફરકાવનાર વિજેતા રમતવીરનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરાયું. ધોરણ-૯નાં નિષ્ઠા પ્રજાપતિ તેમજ યુગ રામાણીએ પ્રશંસનીય સભાસંચાલન કર્યું.

*** શારદામંદિર, નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન નડિયાદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઇપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના ૭૬મા પ્રજાસત્તાકદિનની ઉજવણી સમારંભના પ્રમુખ મહેમાન શ્રી બ્રિજેશભાઈ પટેલ (સિવિલ ઍન્જિનિયર તથા શારદા મંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી)ની ઉપસ્થિતિમાં થઈ. કાર્યક્રમના શુભારંભે ધોરણ-૧થી ૫ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય રજૂ થયું. શ્રી બ્રિજેશભાઈ પટેલના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી બ્રિજેશભાઈ પટેલે પ્રેરક વક્તવ્ય આપ્યું. શાળાનાં ધોરણ-૫ થી ૭નાં બાળ કલાકારોએ દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત કરી. શાળાનાં વિદ્યાર્થિની શાહ ભક્તિ અને ગઢવી હીરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી દેશદાઝની ભાવના જાગ્રત કરી. ધોરણ-૧થી ૮ના વાર્ષિક રમતોત્સવમાં વિજેતા રમતવીરોને ઇનામ અને મૅડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મુખ્ય મહેમાનશ્રીને પ્રાથમિક વિભાગનાં આચાર્યા પૂ. સરોજબહેનના વરદ હસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું. નડિયાદ વિદ્યોત્તેજક મંડળના ટ્રસ્ટી સાધુ પૂ. સુનીલદાસજીએ પ્રજાસત્તાકદિનની શુભેચ્છાઓ પાઠવી અને પ્રેરક વિચારો વ્યક્ત કર્યા. ઉદ્‌ઘોષક તરીકે પટેલ ક્રિશા (ધોરણ-૧૧) અને પરમાર વેદ (ધોરણ-૯) તથા સહ ઉદ્‌ઘોષક ભટ્ટ માહી (ધોરણ-૯) અને પટેલ ઋતુ (ધોરણ-૧૧) એ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું. ◆

*** શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાય :** ૨૬ જાન્યુઆરીના રોજ શિણાય ખાતે નીલકંઠવર્ણી વિદ્યાલયમાં અનુપમ મિશન, મોગરીથી પધારેલ સાધુ પૂ દિલીપદાસજી, સાધુ પૂ. સંદીપદાસજી તથા સ્થાનિક શ્રી સુનીલભાઈ હડિયા, શ્રી ગોપાલભાઈ હડિયા (પૂર્વ સરપંચશ્રી, શિણાય), અમીબહેન પાટડિયા (આચાર્યાશ્રી) અને શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ, વાલીઓની ઉપસ્થિતિમાં સંતોના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું તથા રાષ્ટ્રગાન અને ઝંડાગીતનું ગાન કરવામાં આવ્યું. સાધુ પૂ. દિલીપદાસજી દ્વારા આશીર્વચનોનું અમૃતપાન કરાવવામાં આવ્યું. સૌ સંતો અને મહેમાનો દ્વારા ધોરણ ૧ થી ૧૦ના શ્રેષ્ઠ વિદ્યાર્થી, શ્રેષ્ઠ ગણવેશ, શ્રેષ્ઠ સુલેખન માટે પસંદ કરાયેલા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા તેમજ જે-તે ધોરણમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ તેજસ્વી વિદ્યાર્થીઓને મૉમેન્ટો એનાયત કરવામાં આવ્યા. ધોરણ-૭થી ૯ની વિદ્યાર્થિનીઓ દ્વારા નૃત્ય, ધોરણ-૭થી ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા પિરામિડ તેમજ ધોરણ-૬, ૭ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતગાન કરવામાં આવ્યાં. ધોરણ-૯ના વિદ્યાર્થી તીર્થ પટેલ દ્વારા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. શાળાના શિક્ષક કેતનભાઈ જાદવ દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક ધવલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.






ભારતના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી : નડિયાદ... શિણાય-કચ્છ... ધારી... ઉપાસના ધામ-અમદાવાદ

*** યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી :** ૨૬ જાન્યુઆરી-ભારતના ગણતંત્ર દિવસની ઉજવણી યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના પ્રાંગણમાં કરવામાં આવી. આચાર્યશ્રી ડૉ. આર. કે. દવેએ ધ્વજને મુક્ત ગગનમાં ફરકાવ્યો અને સૌએ તેને સલામી આપી. આચાર્યશ્રીએ પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. ધ્વજવંદન કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ભાવેશ ઉનડકટ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રસ્તુત કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા સાયબર જાગૃતિ અભિયાન અંતર્ગત 'સાયબર ફ્રોડ' નાટક રજૂ કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ પ્રાર્થનાગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી. શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થિનીઓએ હાજર રહી કાર્યક્રમને માણ્યો તેમજ પર્વને ભવ્યતાથી ઊજવ્યું.

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ભારતના ગણતંત્ર દિવસની ઉજવણી અપાર દેશભક્તિ સાથે ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સંતો અને અક્ષરમુક્તો દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. પ્રિયકાંતદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીની પ્રેરક નિશ્રામાં તિરંગાને ધ્વજવંદન કરવામાં આવ્યું. ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી તથા અનુપમ મિશનના યુવાનેતા અક્ષરમુક્તશ્રી ઘનશ્યામભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌમાં દેશભક્તિની ભાવના ઉજાગર કરી. ◆

## શ્રી શાંતિ યુવા મહોત્સવ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી હૃદયસ્થ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુનિત સ્મૃતિમાં તેઓની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રી શાંતિ યુવા મહોત્સવ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ 'પ્રજ્ઞાનતીર્થ' ખાતે યોજાયો. આ મહોત્સવમાં ભાગ લેવા અનુપમ મિશનનાં વિવિધ સત્સંગમંડળોમાંથી મોટી સંખ્યામાં યુવાઓ પધાર્યા. મહોત્સવ આરંભે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સૌને બિરદાવ્યા. સંતભગવંત સાહેબજીએ પણ ફોન દ્વારા આશીર્વાદ પાઠવી સંતો સંગે રમત-ગમતના માધ્યમથી બ્રહ્માનંદ કરતાં કરતાં સંપ, સુહૃદભાવ અને એકતાના પાઠ પાકા કરવા સૌ યુવાઓને માર્ગદર્શન આપી આશીર્વાદ પાઠવ્યા. આખો દિવસ બહેનો અને ભાઈઓએ જુદાં જુદાં મેદાનોમાં વ્યક્તિગત અને સામૂહિક રમતો રમી આનંદ કર્યો. ખેલદિલી અને સુહૃદભાવની ઉત્કૃષ્ટ ભાવના સાથે સૌએ સઘળી રમતો રમી. આ પ્રસંગે અનેક સંતો-ભક્તોએ ઉપસ્થિત રહી રમતવીરોના ઉત્સાહને વધાર્યો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા નિર્વાણદિન સ્મૃતિવંદના

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના દ્વિતીય નિર્વાણ સ્મૃતિદિન-૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે વહેલી સવારે પ્રભાતફેરી યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં સંતો અને અક્ષરમુક્તો જોડાયા. પ્રભાતફેરીના આરંભે પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સૌએ હૃદયવંદના ધરી અને પૂ. શાંતિદાદાનાં પુનિત સ્મરણ સાથે સૌએ ધૂન અને ભજન સાથે તેઓને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. સાંજે 'અક્ષરમહોલ'માં ભાવવંદન સભામાં અમેરિકાનાં બિમલભાઈ શેઠ, સહેલી શેઠ, ડૉ. જિતુભાઈ પટેલ તથા અમિતભાઈ ઠક્કરે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા સાથેની સ્મૃતિઓ વાગોળી તેઓના ગુણાતીત પ્રેમ, દિવ્ય સાંનિધ્યનાં સુખ, બળ પમાડતી ગોષ્ઠિ અને આશીર્વાદના અલૌકિક આનંદ તથા દિવ્યતાને વ્યક્ત કર્યાં. સૌ સંતો વતી સાધુ પૂ. જયેન્દ્રદાસજી



શ્રી શાંતિ યુવા મહોત્સવ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન



પૂ. શાંતિદાદાના નિર્વાણ સ્મૃતિદિને તેઓના સમાધિસ્થાને પ્રાર્થનાંજલિ અર્પણ

(યુ.કે.), પૂ. જયેશદાસજી (યુ.એસ.એ.), પૂ. રમેશદાસજી-ઝાએ પૂ. શાંતિદાદાની પરમ સાધુતા અને ગુણાતીત અવસ્થાનાં વર્ણન સ્વાનુભવના આધારે કરાવી મહિમા ગાયો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પૂ. શાંતિદાદાનાં નિર્મળ મન, કરુણા-પ્રેમસભર અંતર અને આધ્યાત્મિક સુખ દેતી પરાવાણીનાં અદ્‌ભુત વર્ણન કર્યાં. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદમાં તેઓના કૉલેજકાળની, યોગીજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિની અને સૌ સંતો-ભક્તોની કરેલ જતનની અદ્‌ભુત વાતો કરી સુંદર બોધ આપ્યો. સૌ કોઈ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની ભાવભીની સ્મૃતિમાં ગરકાવ થઈ ધન્ય થયાં.

*** ઉપાસના ધામ, લૉસ ઍન્જલસ :** સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના દ્વિતીય શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઉપાસના ધામ, લૉસ ઍન્જલસ સ્થિત મંદિરમાં સાધુ પૂ. ભરતદાસજી અને પૂ. ઉમેશદાસજીનાં સાંનિધ્યે સત્સંગસભાનું આયોજન કરાયું. સભા પ્રારંભે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાને પ્રિય કીર્તનોનાં ગાન ધર્મેન્દ્રભાઈએ કર્યાં. અમિતભાઈ, સાન ફ્રાન્સિસ્કોથી પધારેલ ચેતનભાઈ અને શિલ્પાબહેને મહિમાદર્શન કરાવી ગુણાનુગાન કર્યાં. સાધુ પૂ. ભરતદાસજીએ જૂની સ્મૃતિઓ વાગોળી પૂ. શાંતિદાદાનાં પ્રેમ અને વાત્સલ્યની વાતો કરી. ૨૬ જાન્યુઆરી-ભારતનું પ્રજાસત્તાક પર્વ હોવાથી સંતોની નિશ્રામાં ધ્વજવંદન કાર્યક્રમ પણ યોજાયો, જેમાં સૌએ ભાગ લઈ દેશભક્તિ અદા કરી. ◆

## ઉપાસના ધામ, અમદાવાદની મૂર્તિઓનો ૮મો પાટોત્સવ

૧ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવારના રોજ અમદાવાદ સ્થિત ઉપાસના ધામ મંદિરે ભક્તિભાવ સાથે ૮મો પાટોત્સવ ઉજવાયો. મંદિર પરિસરમાં રંગોળી, ફૂલોની સજ્જા કરવામાં આવી. મંદિરને યોગીબાપાની આજ્ઞાઓ કે જેનાં અણિશુદ્ધ પાલન સાહેબદાદાએ કર્યાં છે તેનાં બેનર્સ વડે સજાવી દીધું. પાટોત્સવની પૂર્વ સંધ્યા-૩૧ જાન્યુઆરીના રોજ કીર્તનસંધ્યા યોજાઈ, જેમાં કીર્તનભક્તિ સાથે અનુપમ મિશન, અમદાવાદ સત્સંગપરિવારના પાયારૂપ અને વર્ષોથી સેવા આપનાર વડીલ ભક્તોનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો સાથે પ્રાદેશિક સંતો સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીષદાસજી, પૂ. ઉત્પલદાસજી આદિનાં દિવ્ય સાંનિધ્યમાં દેશ-વિદેશથી પધારેલા ભક્તોની પણ ઉપસ્થિતિ રહી. આ પ્રસંગે બાલમંડળે ઉપાસના ધામ ખાતે થતી બાલમંડળની સુંદર પ્રવૃત્તિઓનું અદ્‌ભુત દર્શન કરાવ્યું, જેમાં ધૂન, કીર્તન, શ્લોક, 'સ્વામીની વાતો' અને તેનાં નિરૂપણ, પ્રભુ સ્વરૂપોની લીલાના પ્રસંગોનું વર્ણન અને વક્તવ્ય આદિ રજૂ કર્યાં. બાલમંડળની આ આગવી પ્રસ્તુતિને સૌ ભક્તોએ ખૂબ વધાવી અને વખાણી. અમદાવાદ પ્રદેશ સત્સંગપરિવારના પાયારૂપ અને દાયકાઓથી સેવા-ભક્તિ કરતા ૧૯ વડીલ યુગલ ભક્તોનો પરિચય આપી, તેઓની સેવાને બિરદાવી, સન્માન કરી, સૌને પૂજન, શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરાયાં. વડીલ ભક્ત હેમેશકાકાએ સન્માનના પ્રતિભાવરૂપે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌની સેવા-ભક્તિનો સ્વીકાર કરી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

૧ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવારે સવારે મંદિરની મૂર્તિઓના ૮મા પાટોત્સવ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજી સાથે ૨૨ જેટલા સંતો પધાર્યા. દેશ-વિદેશથી પધારેલા ભક્તોએ પણ શોભામાં અભિવૃદ્ધિ કરી. પાટોત્સવવિધિના આચાર્ય સ્થાને બિરાજમાન સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. મૂકેશદાસજી અને





ઉપાસના ધામ, અમદાવાદ મંદિરના પાટોત્સવની પૂર્વસંધ્યાએ કીર્તનભક્તિ અર્પણ... સત્સંગસભામાં પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન





ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ... પાટોત્સવ સભામાં પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

સૂરવૃંદના ભક્તોએ શાસ્ત્રોક્ત રીતે અત્યંત ભક્તિભાવે સમગ્ર વિધિ કરાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. વાસુદાસજી આદિ સંતોના હસ્તે શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પાટોત્સવવિધિ સંપન્ન થઈ. ત્યારબાદ શ્રી ઠાકોરજીના શણગાર દરમિયાન સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. આ ઉત્સવમાં વિશ્વ હિંદુ પરિષદ-યુ.એસ.એ.નાં પ્રમુખ તેજલબહેન શાહ પધાર્યાં, તેઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધનનો લાભ આપ્યો. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને પૂ. અશ્વિનદાદાએ સૌની સેવા-ભક્તિને બિરદાવી. આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ સાક્ષાત્કારદિન સ્મૃતિવંદના

૩ ફેબ્રુઆરી-બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના સાક્ષાત્કાર દિને સવારે શણગાર આરતી બાદ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત તેઓના સમાધિસ્થાને સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે ભાવવંદના અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત સંતો-અક્ષરમુક્તોએ પ.પૂ. કાકાજી મહારાજને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હૃદયવંદના ધરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી ગુરુઆજ્ઞાપાલન માટે પ્રામાણિકતા અને જાગ્રતતાની સમજ આપી. પ.પૂ. કાકાજી મહારાજ હંમેશાં સૌને ધૂન કરાવતા, તેની સ્મૃતિ કરી સૌ જપયજ્ઞમાં જોડાયા. સાંજે 'પારમિતા' સભાખંડમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. ગુરુદેવ યોગીજી મહારાજે સ્વહસ્તે લખેલ 'અક્ષરતીર્થ'ના મહિમાના ગ્રંથમાં પ.પૂ. કાકાજી મહારાજને સાક્ષાત્કાર થયો તે વાત આલેખી છે, તે પ્રસંગ સભાસંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસજીએ વાંચી મહિમા વિસ્તાર્યો. ત્યારબાદ સાધુ પૂ. છગનદાસજીએ પ.પૂ. કાકાજી સાથેના સ્વાનુભવોને વર્ણવી તેઓના મહિમાની સુંદર વાતો કરી. વળી, સ્વરચિત કાવ્યપંક્તિઓ ઉચ્ચારી ભાવ ધર્યા.



પ.પૂ. કાકાજી મહારાજ સાક્ષાત્કારદિન સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સાક્ષાત્કાર પ્રસંગની પૂર્વભૂમિકા જણાવી તેમજ યોગીબાપાની આજ્ઞાથી પ.પૂ. કાકાજી મહારાજે વલ્લભવિદ્યાનગરના યુવાનો અને તેમની પ્રવૃત્તિઓની જવાબદારી સ્વીકારી અને સૌને સાહેબજીનો મહિમા સમજાવ્યો તેની સુંદર વાતો કરી. 'એકતા એ જ એકાંતિકપણું'-પ.પૂ. કાકાજી મહારાજે આપેલ આ સૂત્રની આધ્યાત્મિક સમજ આપી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને કાકાજી મહારાજે જે ભાવથી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સર્વ આજ્ઞાઓ પાળી, તે મુજબ પ્રગટ સત્પુરુષની આજ્ઞા પાળવા સૌને અદ્‌ભુત બળ પ્રદાન કર્યાં. પ.પૂ. કાકાજી મહારાજ સદાય કરાવતા તેવી ધૂનમાં જોડાઈ ઉપસ્તિત સૌએ આર્તભાવે પ્રાર્થનાઓ ધરી વિસર્જિત થયા. ◆

## અનુપમ મિશન સંચાલિત ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરનું નવું નામકરણ
# Drs. Jitendra & Ritaben Information Technology Centre

અનાદિ મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીજીના પરમ દિવ્ય પ્રાગટ્યમંગલના શુભ અવસર-૫ ફેબ્રુઆરીના રોજ અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થિત ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરનું નવું નામાભિધાન થયું.

સર્વે સંતો તથા દેશ-વિદેશના અક્ષરમુક્તોનાં સાંનિધ્યમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં સંતભગવંત સાહેબજીએ ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરનું નવું નામ હવે પછી "Drs. Jitendra & Rita Patel Information Technology Centre" રહેશે તેવો મંગલમય દિવ્ય ઉદ્‌ઘોષ કર્યો. સમારંભના આરંભે શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા, કુલાધ્યક્ષ પૂ. ડૉ. મનોજદાસજી, પૂ. ડૉ. રીટાબહેન તથા પૂ. ડૉ. જિતેન્દ્રભાઈનાં પુષ્પહારથી સન્માન કરી આઈ.ટી.સી.ના નિયામકશ્રી સાધુ પૂ. દિવ્યેશદાસજીએ ૧૯૮૮થી સમાજને કમ્પ્યુટર શિક્ષણ તથા પ્રશિક્ષણના ક્ષેત્રમાં જ્વલંત સુફલતાઓ સાથે સંતભગવંત સાહેબજીના આશીર્વાદ અને સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શનથી સેવાપ્રવૃત્ત આઈ.ટી.સી.ની સર્વાંગી સફળતાઓની ઝાંખી કરાવી.

ડૉ. રીટાબહેન તથા ડૉ. જિતેન્દ્રભાઈ અને તેઓનો પરિવાર સ્વામિનારાયણ સંપ્રદાય અને અનુપમ મિશનના પરમ નિષ્ઠાવાન એકાંતિક અક્ષરમુક્તો છે. સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી પ.પૂ. ડૉ. આર. ડી. પટેલસાહેબનાં સુપુત્રી ડૉ. રીટાબહેન ભક્તિભાવનાં અને સેવાનાં મૂર્તિમાન સ્વરૂપ છે. ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ અને તેઓના મોટા ભાઈ ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ તથા તેમનાં પરિવારજનો પણ સંતભગવંત સાહેબજીની સર્વ આજ્ઞાઓને માહાત્મ્યેયુક્ત પાળી એક આદર્શ એકાંતિકરૂપે જીવન સમર્પણ કરીને જીવી રહ્યાં છે. વર્તમાન સમયમાં ડૉ. જિતેન્દ્રભાઈ અમેરિકાના અનુપમ મિશનના માનનીય પ્રમુખશ્રી તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

સંતભગવંત સાહેબજીએ પોતાના અંતરનો રાજીપો આશીર્વાદ સ્વરૂપે ડૉ. રીટાબહેન અને ડૉ. જિતેન્દ્રભાઈ પર વરસાવી અનુપમ મિશનના વૈશ્વિક સફળતા અને ખ્યાતિ પ્રાપ્ત ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર સાથે આ બંને અક્ષરમુક્તોનાં ગૌરવવંતા નામને જોડીને તેઓની સેવા-ભક્તિને સૌ માટે પ્રેરણારૂપ બનાવી બિરદાવી છે.

આઈ.ટી.સી.ના નવા નામકરણ સમારંભમાં સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનદાદાએ ડૉ. રીટાબહેન તથા ડૉ. જિતેન્દ્રભાઈ સહિત પૂ. ડૉ. આર. ડી. પટેલસાહેબ તથા સર્વ અક્ષરમુક્તોની સેવા-ભક્તિને બિરદાવી. સંતભગવંત સાહેબદાદાએ ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરના સ્થાપનાના ઈતિહાસથી માંડીને તેની વિકાસગાથાને વર્ણવી. યોગી વિદ્યાપીઠ દ્વારા શિક્ષણ સેવાર્થે થતી પ્રવૃત્તિઓને બિરદાવી સાધુઓ પૂ. સુનીલદાસજી, પૂ. દિવ્યેશદાસજી, પૂ. પીટરદાસજી, પૂ. ઉત્પલદાસજી તથા પૂ. સંદીપદાસજી, પૂ. જગદીશદાસજી (જગુમામા)ની સેવાઓ પ્રત્યે પોતાનો અંતરનો રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા. આ સમારંભમાં વિશેષ ઉપસ્થિત રહેલા આઈ.ટી.સી.ના પૂર્વ નિયામકશ્રી પૂ. અમૃતભાઈનાં પણ સન્માન કરવામાં આવ્યાં. ◆







ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરના નૂતન નામાભિધાન પ્રસંગે ભક્તરાજ ડૉ. રીટાબહેન અને ડૉ. જિતેન્દ્રભાઈનાં અભિવાદન... સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

## બ્રહ્મજ્યોતિમાં યજ્ઞશાળાનાં નવીનીકરણ અને નામાભિધાન

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આજ્ઞાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે વિશ્વકલ્યાણની ભાવનાથી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિયાગ થાય છે. સંતો અને સમર્પિત બહેનોના આચાર્યપદે દર રવિવારે તથા વિશેષ ઉત્સવે યજમાનો ભક્તિભાવે આ ભક્તિયાગનો લાભ લે છે અને પ્રાર્થનાઓ ધરે છે. યજ્ઞકર્મ પૂર્ણ શ્રદ્ધાથી અને યોગ્ય રીતે કરી શકાય તે હેતુથી બ્રહ્મજ્યોતિ, મોગરીમાં યજ્ઞશાળાનું સુંદર નિર્માણ સંતભગવંત સાહેબજીએ કરાવ્યું. યજ્ઞ પ્રત્યેની અપાર આસ્થાને પરિણામે ઘણી મોટી સંખ્યામાં ભક્તો તેનો લાભ લેવા પધારતા થયા. પરિણામે જગ્યા નાની પડવા લાગી અને તેથી યજ્ઞશાળાના નવીનીકરણ અને વિસ્તરણ કરવાનું નક્કી થયું. આ નવીનીકરણ માટે ઈંગ્લૅન્ડ નિવાસી અક્ષરમુક્ત વિજયભાઈ-દર્શનાબહેનના અ.નિ. સુપુત્ર રોનક ઠક્કરની સ્મૃતિમાં સહયોગ પ્રાપ્ત થયો. ૯ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવારના રોજ આ નૂતન યજ્ઞશાળામાં સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોની દિવ્ય નિશ્રામાં યજ્ઞ યોજાયો. જેમાં વિજયભાઈ ઠક્કર, દર્શનાબહેન ઠક્કર, ભાવિશાબહેન સાથે ભારત, અમેરિકા, આફ્રિકાના પ્રતિનિધિઓ આદિ યજમાનપદે બિરાજ્યાં ને સંતો સાથે આ દિવ્ય યજ્ઞમાં કલ્યાણ આહુતિઓ અર્પણ કરી. સંતભગવંત સાહેબજીએ યજ્ઞશાળાનું નૂતન નામાભિધાન કર્યું. હવેથી યજ્ઞશાળા 'અનુપમ રોનક યજ્ઞમંડપ' નામે ઓળખાશે તેવો દિવ્ય ઉદ્‌ઘોષ કરી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## શ્રદ્ધાંજલિ :


*** પૂ. મુકતાબા ઝાટકિયા :** અનુપમ મિશનના વ્રતધારી સાધુ પૂ. હરેશદાસજીનાં માતુશ્રી, માણાવદરનાં વતની પૂ. મુકતાબા ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. જીવનપર્યંત તેઓએ સેવા અને ભક્તિને જ પ્રાથમિકતા આપી. ગુણાતીત સમાજનાં સૌ સ્વરૂપો અને ભક્તોની સેવા-પરિચર્યા કરી જીવતર ધન્ય કર્યું. હરિધામ, સોખડા અને બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નિવાસ કરીને તેઓએ સૌ પ્રતિ નિર્દોષભાવે મહિમાથી સેવા-ભક્તિનો ભાવ વહાવ્યો. ગુરુદેવ યોગીજી મહારાજના કૃપાપાત્ર અ.નિ. પૂ. વશરામબાપાની સેવા-સમર્પણ તથા ભક્તિયાત્રામાં અર્ધાંગિની સ્વરૂપે ખૂબ સાથ પુરાવ્યો. દીકરા પૂ. હરેશદાસજીને વૈરાગ્ય પ્રેરી સંતભગવંત સાહેબજીના શ્રીચરણે જીવન સમર્પિત કરવા બળ દીધાં તેમજ દીકરા હસમુખભાઈને પણ સત્સંગના સંસ્કાર વારસામાં આપીને માવતર દીપાવ્યું. જીવનનાં અંતિમ વર્ષોમાં બ્રહ્મજ્યોતિમાં 'યોગીપ્રસાદ'માં સેવાપ્રવૃત્ત રહ્યાં. નિયમિત મંદિરે દર્શન, કથા-વાર્તા અને સમાગમનો અચૂક લાભ લેતાં અને સૌ બાળકોને પ્રેમ આપી વાત્સલ્યનું સુખ દેતાં. આવાં માવતરના અક્ષરધામગમન પ્રસંગે તેઓ પ્રતિ વંદનભાવ સાથે પુણ્ય શ્રદ્ધાસુમન અર્પણ ! ◆





નૂતન વિસ્તરિત યજ્ઞશાળામાં યોજિત યજ્ઞમાં સાહેબજીના આશીર્વાદ

*** પૂ. ક્રિષ્નચંદ્ર મામગેન :** પૂ. ક્રિષ્નચંદ્ર મામગેન ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ તેઓના લખનૌ સ્થિત નિવાસસ્થાને ૮૦ વર્ષની ઉંમરે અક્ષરધામ પધાર્યા. અનુપમ મિશનના વ્રતધારી સાધુઓ માટે પ.પૂ. પપ્પાજી, સંતભગવંત સાહેબજીના સંકલ્પે કર્મયોગની શુદ્ધ ભાવના સાથે કાર્યરત અનુપમ ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રિઝની મુલાકાતે તેઓ લગભગ ૪૦ વર્ષ પૂર્વે પધાર્યા હતા. ત્યારે તેઓ સૅન્ટ્રલ ઍકસાઈઝ ઍન્ડ કસ્ટમ્સના કમિશનરપદે હતા. વ્રતધારી સંતોની કર્મયોગની શુદ્ધ ભાવના નિહાળીને તેઓ પ.પૂ. પપ્પાજી અને સંતભગવંત સાહેબજીનાં દર્શને પધાર્યા અને તે દિવસથી તેઓને ભગવાન સ્વામિનારાયણ અને તેઓનાં પ્રગટ સ્વરૂપો પ્રત્યે દૃઢ સ્વરૂપનિષ્ઠા થઈ ગઈ. તેઓનાં ઉત્તમ જીવન આચરણ તેમજ મહિમાગાનના પરિણામે અનેક કમિશનરો, ઉચ્ચ અધિકારીઓ સત્સંગમાં જોડાયા. તેઓની ભક્તિભાવના અદ્‌ભુત હતી ! આવા ભક્તિવંત નિષ્ઠાવાન અનુપમ અક્ષરમુકત પૂ. મામગેન સાહેબના અક્ષરધામગમન પ્રસંગે ભાવપૂર્ણ વંદન ! પરિવારના મુકતો, સ્નેહીજનો, સત્સંગી મુકતોને ખૂબ બળ મળે તેવી શ્રી ઠાકોરજીના શ્રીચરણે પ્રાર્થના ! ◆



## The Disciple's Lifeline: Guru Aagna

Bhav-bharya Jai Shri Swaminarayan!

We are celebrating **2025** as the year of Guru Aagna Mahima Parva. To perform the sadhana of becoming Brahmaroop and worshipping Parabrahma, the following of 'Guru Aagna' is a lifeline and an unparalleled means of achieving this. When we look at the lives of all of our Gunatit swaroopo, from Gunatitanand Swami, Bhagatji Maharaj to Sant Bhagwant Sahebdada, they attained the state of God-realisation by keeping only their Guruhari's aagna at the centre of their lives.

It is therefore our prayer to all Santo – bhakto, to submit a write-up/essay of the divine experiences that you have attained through the following of Guru-aagna. Please submit this on or before **14 May 2025** (Yogi Aagna Mantra Diksha Din) by email to Pujya Sandipdasji on sandip@anoopam.org

Please note the following, when writing your article:

1. You may submit your article in Gujarati, English or Hindi.
2. Please kindly keep the word count of your article in the region of **1500** words.
3. If possible, please kindly send a typed article, otherwise you may send in clearly legible handwriting.
4. If for whatever reason you are unable to write up the article in time, then you may send an audio recording of your divine experiences of following Guru aagna, by emailing the audio file to Sadhu Pujya Sandipdasji.
5. Please note, in order to make your article worthy of publication, grammatical and other amendments to the article will be at the discretion of Anoopam Mission's Publication Committee.

Jai Shri Swaminarayan!

Anoopam Mission Publications Committee

## ગુરુની આજ્ઞા : શિષ્યની જીવનદોરી

**પ્રભુના પ્રિય અને પરમ દિવ્ય સર્વ સંતો તથા અક્ષરમુકતો,**

ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ !

ઈસવીસન ૨૦૨૫નું વર્ષ આપણે 'ગુરુઆજ્ઞા મહિમા પર્વ' તરીકે ઊજવી રહ્યા છીએ. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સાધના કરવામાં ગુરુઆજ્ઞાનું પાલન જીવનદોરી રૂપ અમોઘ સાધન છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજથી લઈને સંતભગવંત સાહેબદાદા સુધીનાં સૌ ગુણાતીત સ્વરૂપોનાં જીવનદર્શનમાં પણ તેઓએ પોતાના ગુરુ-ગુરુહરિની આજ્ઞાનાં પાલનને જ જીવનનું મધ્યબિંદુ બનાવી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી છે.

તો, આપ સર્વ સંતો-ભક્તોને પ્રાર્થના છે કે, સંતભગવંત સાહેબજીની આજ્ઞાનુસાર આપને પણ આપના જીવનમાં ગુરુની આજ્ઞાનાં પાલનથી જે દિવ્ય અનુભવ થયા હોય તેના વિશેનો એક લેખ તૈયાર કરીને ૧૪ મે ૨૦૨૫ (યોગી આજ્ઞા મંત્રદીક્ષા દિન) સુધીમાં સાધુ પૂ. સંદીપદાસજીને તેઓના ઈ-મેઈલ ID : sandip@anoopam.org પર મોકલી આપવા વિનંતી છે.

આ લેખ અંગે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવા વિનંતી છે.

૧. લેખ ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી ભાષામાં લખી શકાશે.

૨. લેખની શબ્દ સંખ્યા આશરે ૧૫૦૦ શબ્દોની રહે તેવો પ્રયત્ન કરશો.

૩. લેખ શક્ય હોય તો ટાઈપ કરીને અથવા આપના સુવાચ્ય હોય તેવા હસ્તાક્ષરમાં મોકલી શકાશે.

૪. અનિવાર્ય કારણસર આપને લેખ લખીને મોકલવાની અનુકૂળતા ન જણાય તો આપના અવાજમાં આપ ઑડિયો રૅકોર્ડ કરીને પણ મોકલી શકશો.

૫. આપના દ્વારા મોકલાવેલા લેખને છાપવા યોગ્ય બનાવવા જરૂરી ભાષાકીય તથા અન્ય સુધારા કરવાની સેવા અનુપમ મિશનનો પ્રકાશન વિભાગ કરશે, જે આપને માન્ય રહેશે.

અનુપમ મિશન પ્રકાશન સમિતિનાં

જય શ્રી સ્વામિનારાયણ !



પોષીપૂર્ણિમા નિમિત્તે સંતસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



શ્રી યોગી શાશ્વત સ્મૃતિદિને મંદિરજીમાં પ્રાર્થનાંજલિ અર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા નિર્વાણ સ્મૃતિદિને પ્રભાતફેરીમાં વંદનભાવ અર્પણ



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં દર્શનાર્થે પધારેલ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં સ્વાગત

॥ સ્વામિશ્રીજી ॥



# ભાવભર્યું નિમંત્રણ !



**અહો આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !**
**આવો... પધારો... આનંદો...**
**રંગોત્સવે ભક્તિરંગમાં રંગાઓ...!**

| હોળી પર્વ | ધુળેટી પર્વ |
|---|---|
| ૧૩ માર્ચ ૨૦૨૫, ગુરુવાર | ૧૪ માર્ચ ૨૦૨૫, શુક્રવાર |
| બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૭મો પ્રાગટ્યોત્સવ : | સંતભગવંત સાહેબજીનો ૮૬મો પ્રાગટ્યોત્સવ : |
| સાંજે ૭:૧૫ કલાકે | સવારે ૯:૦૦ કલાકે |
| શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ : સભા પૂર્વે | શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ : સભા પશ્ચાત્ |

**સદ્‌ગુરુ સાધુ પૂજ્ય અશ્વિનદાદા, પૂજ્ય રતિદાદા, પૂજ્ય મનોજદાસજી અને અનુપમ મિશનના સૌ સંતો વતી સાધુ દિલીપદાસનાં વંદન સહ જય શ્રી સ્વામિનારાયણ !**

**મહાઉત્સવ તીર્થ :**

અનુપમ મિશન
શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી ૩૮૮ ૩૪૫, તા.-જિ. આણંદ, ગુજરાત
સંપર્ક ફોન : +૯૧ ૨૬૯૨ ૨૩૦૪૮૩, ૨૩૦૫૪૪, મોં. : +૯૧ ૯૯૨૪૪ ૨૧૪૨૧

ROUTE MAP





શ્રી ભગતજી તીર્થ મહોત્સવમાં ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીનાં સન્માન

ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી દ્વારા સાહેબજીનાં અભિવાદન





શ્રી ભગતજી તીર્થ મહોત્સવમાં ગોસ્વામી શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી અને સંતભગવંત સાહેબજીનાં આશીર્વાદ



શ્રી ભગતજી તીર્થ મહોત્સવની પૂર્ણાહુતિ સભાનાં મંચદર્શન

**Regd. News Paper / Air Mail / Book Post**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-2-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**To,**

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**

**Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**